RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-61 ■ DATE : 18-06-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

**સુવિચાર**

તમારી વાણી વિચાર અને વર્તન જ નક્કી કરશે કે સામેનું પાત્ર ફરિયાદ કરશે કે ફરી યાદ...



વિજય પ્લોટ નજીક હોટલમાં કુટણખાનું ઝડપાયાની ચર્ચા

P-4

# યુદ્ધ શરૂ, હવે કોઇ દયા નહીં... : ઈરાનના સુપ્રીમ લીડર ખોમેનીનું એલાન





**મુખ્ય સમાચાર, તહેરાન**

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ભીષણ સંઘર્ષ હવે યુદ્ધમાં પરિણમ્યું છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ આ યુદ્ધમાં ઝંપલાવવા માટે તલપાપડ થવાની સાથે જાણે કોઈ બહાનું શોધી રહ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. તેમણે કહ્યું હતું કે અમે ઈરાનને સીધું આત્મસમર્પણ કરવાની ચેતવણી આપી દીધી છે. ઈરાનના સંપૂર્ણ એરસ્પેસ પર હવે અમારો કબજો છે. ત્યારે આ દરમિયાન ટ્રમ્પની ધમકી છતાં ઈરાને ફરી એકવાર ઈઝરાયલ પર ભયાનક મિસાઈલ હુમલા કર્યા.

ઈરાને આ વખતે હાઈપરસોનિક મિસાઈલ વડે ઈઝરાયલમાં તબાહી મચાવી હતી. જેના કારણે ઈઝરાયલમાં મૃત્યુઆંક પણ ૨૪ ને પાર થઇ ગયો છે જ્યારે ઈજાગ્રસ્તોનો આંકડો ૬૩૧ની નજીક છે. ઈઝરાયલને આ હુમલાઓને કારણે મોટું નુકસાન થયું છે. ઈરાને ઈઝરાયલ પર હુમલો કરવા માટે ફતાહ-૧ મિસાઈલનો ઉપયોગ કર્યો હતો.

ઈરાની સમાચાર એજન્સીઓ અનુસાર, ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે તેલ અવીવની આસપાસના વિસ્તારોને ખાલી કરવાની ચેતવણી જારી કરી છે. રિવોલ્યુશનરી ગાર્ડ્સનું કહેવું છે કે ઈરાનની ફતાહ મિસાઈલો ઈઝરાયલના સંરક્ષણ ક્ષેત્રમાં ઘૂસી ગઈ હતી, જેનાથી તેને ઈઝરાયલના હવાઈ ક્ષેત્ર પર 'સંપૂર્ણ નિયંત્રણ' મળ્યું હતું.

ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લાહ અલી ખામેનાઈએ તેમના ટ્વિટર એકાઉન્ટ પર ઈઝરાયલને ધમકાવતા યુદ્ધનું એલાન કરી દીધું છે. તેમણે કહ્યું કે યહૂદીઓની સરકારને અમે બતાવી દઈશું. તેમના પર કોઈ દયા નહીં બતાવવામાં આવે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે છેલ્લા ૫ દિવસથી હિંસક સંઘર્ષ ચાલી રહ્યો છે, હવે ખામેનીની પોસ્ટને યુદ્ધની સત્તાવાર ઘોષણા માનવામાં આવી રહી છે. એટલે કે હવે તેને સંઘર્ષને બદલે યુદ્ધ કહેવામાં આવશે. ઘણા મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અમેરિકા પણ ટૂંક સમયમાં તેમાં સામેલ થઈ શકે છે.

કેનેડાથી પરત ફર્યા બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસ ખાતે રાષ્ટ્રીય સુરક્ષા ટીમ સાથે બેઠક યોજી હતી. આ પછી, અમેરિકાએ મધ્ય પૂર્વમાં વધુ ફાઈટર જેટ મોકલવાનો નિર્ણય લીધો.

ઈરાન-ઈઝરાયલ યુદ્ધમાં અત્યાર સુધીમાં ૨૨૪ ઈરાનીઓ માર્યા ગયા છે, જ્યારે ૧,૨૭૭ ઘાયલ થયા છે. આ દરમિયાન, ઈઝરાયલમાં અત્યાર સુધીમાં ૨૪ લોકોના મોત થયા છે, જ્યારે ૬૦૦ થી વધુ ઘાયલ થયા છે.

## અવકાશયાત્રી કેપ્ટન શુભાંશુ શુકલાને લઈ જતા એકસીઓમ-૪ મીશન ફરી એક વખત મુલત્વી



**મુખ્ય સમાચાર, કેલિફોર્નિયા**

ભારતના અવકાશયાત્રી કેપ્ટન શુભાંશુ શુકલાને લઈ જતા એકસીઓમ-૪ મીશન ફરી એક વખત મુલત્વી રહ્યું છે અને હવે તે તા.૧૯ ના બદલે તા.૨૨ના રોજ રવાના થશે. અગાઉ હવામાનના કારણે અને બાદમાં તેનું લીકવીડ ઓકસીજન લીકેડ થતુ હોવાથી આ અવકાશયાનની ઉડાન મુલત્વી રહી હતી.

હવે તા.૨૨ના રોજ કેનેડી સ્પેસ સેન્ટરથી તે રવાના થશે. આ અવકાશી સફરમાં ભારતના શુભાંશુ શુકલા ઉપરાંત હંગેરી, પોલેન્ડ અને અમેરિકી અવકાશયાત્રી પણ સ્પેસ લેબમાં જવાના છે અને તેઓ ત્યાં એક સપ્તાહ સુધી રોકાશે.

આ અવકાશયાનમાં નાસાના પુર્વ અવકાશયાત્રી પેગી વિત્સન જે સમગ્ર મીશનની શુકાન સંભાળી રહ્યા છે જયારે અન્ય તમામ ત્રણ અવકાશયાત્રીઓ પ્રથમ વખત અવકાશી સફર કરશે. એકસીઓમ મીશન-૪ મારફત ભારતના અવકાશયાત્રીને સ્પેસ સ્ટેશનમાં રહેવાનો પ્રથમ વખત અનુભવ મળશે.

## કેનેડાથી સીધા વોશિંગ્ટન આવવા મોદીને આમંત્રણ આપતા ટ્રમ્પ



### મોદીએ તેમના તમામ શેડયુલ ફીકસ હોવાથી પ્રમુખ ટ્રમ્પના આમંત્રણનો અસ્વીકાર કર્યો

**મુખ્ય સમાચાર, ટોરંટો**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન મોદી સાથે વાતચીત દરમ્યાન તેમને કેનેડાથી સીધા વોશિંગ્ટન આવી જવા કહ્યું હતું. પરંતુ મોદીએ તેમના અગાઉથી જ તમામ શેડયુલ ફીકસ હોવાથી પ્રમુખ ટ્રમ્પના આમંત્રણનો અસ્વીકાર કર્યો હતો.

બાદમાં બંને નેતાઓએ ટુંક સમયમાં જ મળવાનું સ્વીકાર્યુ હતું. વડાપ્રધાન મોદીએ અમેરિકી રાષ્ટ્રપતિને કવાડ બેઠક માટે ભારત આવવા આમંત્રણ આપ્યુ છે અને ટ્રમ્પે તે સ્વીકાર્યુ હતું.

જણાવ્યું હતું કે, તેઓ ભારત આવવા આતુર છે અને તેનો કાર્યક્રમ ચોકકસપણે નિશ્ચિત થશે. આમ આ વર્ષના અંત સુધીમાં ટ્રમ્પ ભારતની મુલાકાત લેશે.

૩૫ મીનીટની વાતચીતમાં વડાપ્રધાન મોદીએ કાશ્મીર અને પાકિસ્તાન સાથેના સંબંધોમાં ભારતનું વલણ અત્યંત સ્પષ્ટ કર્યુ હતું.

## હવે રૂ.3000માં FASTAG પાસ કઢાવી શકાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ફાસ્ટેગ મુદ્દે મોટી જાહેરાત કરી છે. આ જાહેરાતથી નિયમિત ધોરણે મુસાફરી કરતાં ખાનગી વાહનચાલકોને લાભ થશે. ગડકરીએ ફાસ્ટેગનો વાર્ષિક પાસ જાહેર કર્યો છે. જેની કિંમત રૂ. 3000 છે. આ નવો વાર્ષિક પાસ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫થી અમલમાં મુકાશે. નીતિન ગડકરીએ X પર ટ્વિટ કરી જણાવ્યું હતું કે, એક ઐતિહાસિક પહેલના ભાગરૂપે ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજથી રૂ. 3000ની કિંમતમાં FASTagનો વાર્ષિક પાસ શરૂ થશે. આ પાસ સક્રિય થવાની તારીખથી એક વર્ષ અથવા ૨૦૦ મુસાફરી સુધી માન્ય ગણાશે. આ પાસ માત્ર નોન-કોમર્શિયલ ખાનગી વાહનો (કાર, જીપ, વેન સહિત) માટે તૈયાર કરવામાં આવ્યો છે. જે દેશભરના નેશનલ હાઈવે પર




અડચણ મુક્ત મુસાફરી શક્ય બનાવશે.

આ વાર્ષિક પાસ એક્ટિવ અને રિન્યુ કરવા માટે ટૂંકસમયમાં રાજમાર્ગ યાત્રા એપ અને NHAI / MoRTHની સત્તાવાર વેબસાઈટ પર એક અલગ લિંક ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેના પરથી આ વાર્ષિક પાસ સેવાનો લાભ લઈ શકાશે. આ પોલિસી ૬૦ કિમીના અંતરમાં સ્થિત ટોલ પ્લાઝા મુદ્દે લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યાઓ દૂર કરશે અને સુલભ ટ્રાન્જેક્શનના માધ્યમથી ટોલની ચૂકવણી સરળ બનાવશે. જેનાથી હવે ખાનગી વાહનોને ટોલ પ્લાઝા પર લાગતો સમય બચી શકશે. ટ્રાફિક પણ ઘટશે.


આ પહેલ માર્ગ પરિવહન સેવાને ડિજિટાઈઝ અને વધુ મોર્ડન બનાવવાના મિશનને સંરેખિત છે. જે નેશનલ હાઈવે પર પરિવહન સેવાને સુલભ બનાવશે.

## અમદાવાદ સહિત ૧૦ જિલ્લામાં વરસાદનું રેડ એલર્ટ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં છેલ્લાં ત્રણથી ચાર દિવસથી વરસાદ ચાલુ છે, ત્યારે વીજળી પડવાથી, વાવાઝોડાનાં કારણે તથા અન્ય કેટલાંક કારણોથી રાજ્યમાં છેલ્લા બે દિવસમાં ૧૮ જેટલા નાગરિકોના મૃત્યુ થયા છે. આ ઉપરાંત ભારે વરસાદને પગલે નેશનલ ડિઝાસ્ટર રેસ્ક્યુ ફોર્સ (એન.ડી.આર.એફ.)ની ૧૨ ટીમ વિવિધ જિલ્લામાં જ્યારે સ્ટેટ ડિઝાસ્ટર રેસ્ક્યુ ફોર્સ (એસ.ડી.આર.એફ.)ની ટીમ ૨૦ જિલ્લામાં ઉતારવામાં આવી છે. આ દરમિયાન બુધવારે અમદાવાદ સહિત ૮ જિલ્લામાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ અપાયું છે.

મંગળવારે દિવસ દરમિયાન ૨૦૮ તાલુકામાં મેઘમહેર થઈ હતી. જેમાં બોટાદના બરવાળામાં સૌથી વધુ ૭.૫૦ ઈંચ વરસાદ પડ્યો હતો. બીજીબાજુ સુરેન્દ્રનગરના ઈંચ સહિત



કુલ ૬.૫૦ ઈંચ વરસાદ નોંધાયો હતો. આજે કુલ ૬૦ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. સૌથી વધુ વરસાદ પડ્યો તેમાં મુખ્યત્ત્વે બોટાદ, સુરેન્દ્રનગરના મૂળી-થાનગઢ-ચુડા, જામનગરના જોડિયા, ભાવનગરના ઉમરાળા-વલ્લભીપુર, બોટાદના રાણપુર, કચ્છના ગાંધીધામ-નખત્રાણા-અંજાર, અમદાવાદના ધંધુકા-ધોલેરા, આણંદના બોરસદ-પેટલાદ-ખંભાત, મોરબીના હળવદનો સમાવેશ થાય છે.

હવામાન વિભાગની હવામાનની આગાહી મુજબ, બુધવારે (૧૮ જૂન) વરસાદની આગાહી કરી છે. જેમાં ગુજરાતના ૧૦ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાય, ૧૮ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને ૬ જિલ્લામાં યેલો એલર્ટ આપવામાં આવ્યું છે.

રેડ એલર્ટઃ અમદાવાદ, સુરેન્દ્રનગર, મોરબી, બોટાદ, ભાવનગર, આણંદ, ભરૂચ, સુરત, જૂનાગઢ, પોરબંદર.

ઓરેન્જ એલર્ટઃ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, ખેડા, વડોદરા, તાપી, સુરત, વલસાડ, દાદરા અને નગર હવેલી, દમણ, જામનગર, રાજકોટ, દ્વારકા, અમરેલી, ગીર સોમનાથ, અમરેલી.

યેલો એલર્ટઃ મહિસાગર, દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, નર્મદા, ડાંગ.

હવામાન વિભાગે ગુરુવારે દક્ષિણ ગુજરાતના ૬ જિલ્લામાં ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. જેમાં સુરત, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદની આશંકા છે. આ સિવાય ગુજરાતના ૯ જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, તાપી, ભરુચ, ભાવનગર, અમરેલી, ગીર-સોમનાથ અને દીવમાં ભારે વરસાદની આગાહી છે.

## આવકવેરા વિભાગ પાંચ કેસોમાં રિટર્નની કડક તપાસ કરશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આવકવેરા વિભાગ આકારણી વર્ષ ૨૦૨૫-૨૬ માં પાંચ કેસોમાં આવકવેરા રિટર્નની કડક તપાસ કરવા જઈ રહ્યું છે. આવકવેરા વિભાગ આ અંગે નોટિસ પણ મોકલશે. આમાં, ITR માં નોંધાયેલ આવક, કર કપાત, રોકાણ અને કર મુક્તિની તપાસ કરવામાં આવશે.

આ વખતે આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની પ્રક્રિયામાં ઘણા મોટા ફેરફારો થયા છે જેમ કે નવા ફોર્મ, ટેક્સ ટેબલમાં સુધારા અને નિયમોમાં મોટા ફેરફારો.

હવે આવકવેરા વિભાગ ઘણા કેસોમાં સંપૂર્ણ તપાસ કરવા જઈ રહ્યું છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સે ૧૪ જૂન ૨૦૨૫ ના રોજ જારી કરાયેલી નવી માર્ગદર્શિકામાં આ સ્પષ્ટ કર્યું છે. આવકવેરા વિભાગ તમારા ITRની ચોક્કસાઈ થી તપાસ કરશે. આ દરમિયાન, તમારી આવક,




કપાત, રોકાણ, કર મુક્તિ વગેરે જેવી દરેક માહિતી મેચ કરવામાં આવશે.

જો ઉલ્લેખિત શરતોમાંથી કોઈપણ લાગુ પડે, તો 30 જૂન, ૨૦૨૫ સુધીમાં તપાસની નોટિસ મોકલવામાં આવશે. કેસને તપાસમાંથી બાકાત રાખવા માટે મુખ્ય CITની મંજૂરી ફરજિયાત રહેશે. NACFACE પ્રક્રિયા વિદેશી કર કેસ અને કેન્દ્રીય વર્તુળોને લાગુ પડશે નહીં.

૧. સર્વે કેસ જો તમારા વિસ્તારમાં ૧ એપ્રિલ, ૨૦૨૩ પછી આવકવેરા સર્વે કરવામાં આવ્યો હોય (કલમ 133A હેઠળ, 2A સિવાય), તો તમારા ITR ચકાસણીને પાત્ર છે.

૨ શોધ અથવા જપ્તીના કેસો જો ૧ એપ્રિલ, ૨૦૨૩ અને ૩૧ માર્ચ, ૨૦૨૫ વચ્ચે તમારા સ્થળે દરોડા પાડવામાં આવ્યા હોય અથવા દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હોય (કલમ ૧૩૨ અથવા ૧૩૨A), તો તમારા રિટર્નની ચકાસણી કરવામાં આવશે.

૩ નોંધણી રદ કર્યા પછી પણ છૂટ જો કોઈ ટ્રસ્ટ અથવા સંસ્થાનું નોંધણી રદ કરવામાં આવી હોય (૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી) અને તે કર મુક્તિનો દાવો કરી રહી હોય, તો આ કેસ તપાસ હેઠળ આવશે.

૪. આવકમાં વારંવાર ઉમેરો જો તમારી આવક અગાઉના ૪ મૂલ્યાંકનોમાં ૫૦ લાખ રૂપિયા (મેટ્રો શહેરો) અથવા ૨૦ લાખ રૂપિયા (અન્ય સ્થળો) થી વધુ ઉમેરવામાં આવી હોય અને તમે અપીલ ન કરો અથવા અપીલ હારી જાઓ, તો તેની પણ ચકાસણી કરવામાં આવશે.

૫ કેસ જેમાં તપાસ એજન્સીઓ પાસેથી માહિતી પ્રાપ્ત થાય છે જો , CBI, ED અથવા અન્ય કોઈ એજન્સીએ કરચોરી સંબંધિત માહિતી આપી હોય અને તમે ITR ફાઈલ કર્યું હોય, તો તમારા કેસની પણ તપાસ કરવામાં આવશે.

# વિજયભાઇને શ્રધ્ધાસુમન અર્પણ કરતા દરેક ક્ષેત્રના મહાનુભાવો









**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટઃ વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધા સુમન અર્પણ કરતા સંતો મહંતો, નીતિનભાઈ ભારદ્વાજ દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ વજુભાઈ વાળા પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા સંતો મહંતો, સાંસદ પરસોત્તમભાઈ રૂપાલા, પૂર્વ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, જીતુભાઇ વઘાણી, પ્રદીપસિંહ જાડેજા, નીતિનભાઈ નથવાણી, મનીશભાઈ રાડીયા, રમેશભાઈ રૂપાપરા, ભરતભાઈ બોઘરા, ગોવિંદભાઈ પટેલ, જવાહરભાઈ ચાવડા, મોહનભાઈ કુંડારીયા તેમજ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, પોલિસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૧ સજનસિંહ પરમાર, ડીસીપી ટ્રાફીક પૂજા યાદવ સહિતના અધિકારીઓ, પદા ધિકારીઓ નજરે પડે છે.

ગઇકાલે વિજયભાઈ રૂપાણીની શ્રદ્ધાંજલિ સભામાં મોટી સંખ્યામાં રાજકોટ વાસીઓ ઊમટી પડ્યા હતા. દરેક ક્ષેત્રના મહાનુભાવોએ ઉપસ્થિત રહી વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા ઉપરોક્ત તસવીરોમાં અંજલીબેન રૂપાણી, રૂષભ રૂપાણી, નીતિનભાઈ ભારદ્વાજ વિજય ભાઈને શ્રદ્ધા સુમન અર્પણ કરતા નજરે પડે છે. જ્યારે નીચેની તસવીરોમાં રાષ્ટ્ર સંત પ.પૂ. નમ્રમુનિ મહારાજ સાહેબ, વ્હોરા સમાજના આગેવાનો, પૂ. નરેન્દ્રબાપુ, રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલ, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, મંત્રી ભાનુબેન બાબરીયા, પ્રદીપ ડવ, શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, લાખાભાઈ સાગઠિયા, મુકેશ દોશી, કમલેશભાઈ મીરાણી, ડો.અમિત હપાણી, હંસીકાબેન મણીયાર, પ.પૂ.પરમાત્માનંદ સ્વામી, કશ્યપભાઈ શુકલ, રાજુભાઇ ધ્રુવ, ગુણુભાઈ ડેલાવાળા સહિતના આગેવાનો નજરે પડે છે.

# ધાડ-લૂંટના ૧૭ વર્ષ થી લીસ્ટેડ ફરારી આરોપીને પકડી પાડતી એલ.સી.બી.પોલીસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂએ લીસ્ટેડ ફરારી આરોપીઓ પકડી પાડવા એલ.સી.બી.ના પોલીસ.ઈન્સ. .વી.એમ.લગારીયા.નાઓને સૂચના કરેલ હોય, જેથી પો.સ.ઇ. પી.એન.મોરી તથા પો.સ.ઇ. સી.એમ.કાંટેલીયા તથા સ્ટાફના માણસો લીસ્ટેડ ફરારી આરોપીને પકડી પાડવા સતત કાર્યરત હતા.

બનાવ વિગત.સને-૨૦૦૮ ના વર્ષમા ફરીયાદી .બાવનજીભાઇ પોપટભાઇ હાપલીયા રહે.લતીપુર તા.ધ્રોલ નાઓ રાત્રીના તેમના રહેણાક મકાને સુતા હતા,ત્યારે અજાણ્યા ઇસમો લુંટ કરવાના ઇરાદે રહેણાક મકાનમા ઘુસી ફરીયાદીને ગંભીર ઇજા કરી લૂંટની કોશિષ કરેલ,સદરહુ લૂંટ કોશિષનો ગુનો ધ્રોલ પો.સ્ટે ગુ.ર.નંબર-૪૭/૨૦૦૮ ઇ.પી.કો કલમ-૩૯૫,૩૯૪,૧૧૪, મુજબ નોંધાયેલ હતો સદરહુ ગુનામા છ આરોપીઓ પૈકી ચાર આરોપીઓની ઘરપકડ કરવામા આવેલ હતી,સદરહુ લૂંટના ગુનામા લીસ્ટેડ ફરારી આરોપીઃ-અભેસીંગ ધનજીભાઇ બાંગડીયા રહે.બડાઇટાળા (આબુવા) તા.જોબટ વાળો ૧૭



વર્ષથી ફરારી હતો.દરમ્યાન એલ.સી.બી.ના સ્ટાફના,કાસમભાઇ બ્લોચ,દિલીપભાઇ તલાવડીયા તથા હિતેન્દ્રસિહ જાડેજા નાઓને બાતમી મળેલ કે, ફરારી આરોપી.અભેસીંગ ધનજીભાઇ બાંગડીયા રહે.બડાઇટાળા (આબુવા) તા.જોબટ જીલ્લો-અલીરાજપુર (મધ્યપ્રદેશ) વાળો ગુજરાત રાજયના અલગ અલગ જીલ્લામા સંતાતો છુપાતો ફરતો રહેતો હતો, મજકુર હાલ જામનગર રાજકોટ હાઇવે રોડ ઉપર શેખપાટ ગામના પાટીયે પાસે હોવાની બાતમી આધારે મજકુર આરોપીને કાયદેસર કાર્યવાહી કરી,ધ્રોલ પોલીસ સ્ટેશનને સોપી આપવામા આવેલ છે.પકડાયેલ આરોપી.અભેસીંગ ધનજીભાઇ અનસીંગ બાંગડીયા ઉવ.૪૫ ધંધોઃ- ખેતમજુરી રહે.બડા ઇટાળા (આબુવા) તા.જોબટ જીલ્લો-અલીરાજપુર (મધ્યપ્રદેશ) હાલે ઉંટવડ ગામ તા.બાબરા જીલ્લો-અમરેલી.આ કાર્યવાહી પો.ઇન્સ.વી.એમ.લગારીયા તથા પો.ઇન્સ.નાઓના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ. પી.એન.મોરી તથા પો.સ.ઇ સી.એમ.કાંટેલીયા નાઓ તથા એલ.સી.બી.સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઇ પટેલ, નાનજીભાઇ પટેલ, દિલીપભાઇ તલવાડીયા, હિરેનભાઇ વરણવા, ધનશ્યામભાઇ ડેરવાળીયા,કાસમભાઇ બ્લોચ, હિતેન્દ્રસિંહ જાડેજા,અરજણભાઇ કોડીયાતર, મયુદીનભાઇ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, નિર્મળસિંહ.જાડેજા, ધમેન્દ્રસિંહ એન. જાડેજા,ભરતભાઇ ડાંગર, યુવરાજસિંહ ઝાલા, ધમેન્દ્રસિંહ એમ.જાડેજા,ભયપાલસિંહ જાડેજા,સુમીતભાઇ શીયાળ અજયભાઇ વિરડા,કિશોરભાઇ પરમાર, મયુરસિંહ પરમાર, રૂષિરાજસિંહ વાળા, દયારામ ત્રિવેદી, ભારતીબેન ડાંગર,બીજલભાઇ બાલ-ાસરા, બળવંતસિંહ પરમાર,સુરેશભાઇ માલકિયા,વિગેરે દ્વારા કરવામા આવેલ છે.

# જામનગરમાં વેરો ન ભરનાર કારખાનેદારની દાદાગીરીઃ મનપાના ટેક્સ અધિકારીને ધક્કો મારી ધમકી આપી, પોલીસ ફરિયાદ નોંધાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના દરેડ જીઆઇડીસી વિસ્તારમાં વેરા વસૂલાત દરમિયાન ગંભીર ઘટના સામે આવી છે. ઓરેન્જ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડના માલિક મિતેષ ભાલોડિયાએ મહાનગરપાલિકાના ટેક્સ અધિકારી સાથે ગેરવર્તન કર્યું છે.કારખાનેદાર મિતેષ ભાલોડિયા પર મનપાનો રૂ. ૬.૯૩ લાખનો વેરો બાકી છે. વેરા વસૂલાત માટે ગયેલા ટેક્સ અધિકારી જીગ્નેશભાઈ નિર્મલ અને તેમની ટીમ સાથે કારખાનેદારે ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું. જીગ્નેશભાઈને ધક્કો મારી દીધો અને અન્ય સ્ટાફને પણ ધમકી આપી.આ ઘટના બાદ સમગ્ર મામલો પંચકોશી બી ડિવિઝન પોલીસ મથકે પહોંચ્યો. પોલીસ અધિકારી એમ.એમ. જાડેજાએ જીગ્નેશભાઈની ફરિયાદના આધારે કારખાનેદાર સામે કલમ ૩૩૨ હેઠળ ગુનો નોંધ્યો છે.ઉલ્લેખનીય છે કે આ કારખાનું દરેડ જીઆઈડીસી વિસ્તારમાં પ્લોટ નંબર ૩૪૨૦ અને ૩૪૨૧માં આવેલું છે. આ ઘટનાથી ઉદ્યોગનગર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

# જામનગર મહાનગરપાલિકા દ્વારા ડિમોલિશનમાં ૯૧૭ દબાણ દૂર કરી ૨૫૯ કરોડની જગ્યા ખૂલી કરવામાં આવી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ઘણા દિવસથી ચાલી રહેલા ડિમોલિશનમાં ૯૧૭ દબાણ દૂર કરી ૨૫૯ કરોડની જગ્યા ખૂલી કરવામાં આવી છે. કમિશ્નર દ્વારા કરાયેલી જાહેરાત મુજબ સોનલનગર પાસે ટીપી સ્કીમની જગ્યામાં કરાયેલ દબાણ હટાવીને ૨૦.૫૨ કરોડની કિંમત ધરાવતી ૩૩,૬૩૮ ચો.ફૂટ જમીન ખુલ્લી કરાવાઇ હતી.મહાપ્રભુજીને બેઠક સામે ટી.પી. સ્કીમ નં.૨ની ૩૮ કરોડની ૧,૨૬,૪૯૫ ફૂટ જમીનમાં ખડકાયેલ ૫૦ દબાણો, ઢીંચડા રોડ ઉપર ૧૩ હજાર ફૂટ જમીનમાં થયેલ એક દરગાહનું દબાણ, જ્ઞાન શકિત સર્કલથી સમર્પણ સર્કલ સુધીના ૩૦ મીટરના ડી.પી.રોડની અમલવારી માટે નડતરરૂપ ૨૮ દબાણો દૂર કરી ૪૧,૧૭૦ ચો ફૂટ જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. પટણીવાડ બનિયા વિસ્તારમાં ૪૭ દબાણો તોડી પાડી ૧૫.૫૦ કરોડની કિંમતની ૬૧,૯૬૮ ચો.ફૂટ જમીન ખુલ્લી કરાવાઇ હતી.

કાલાવડ નાકા બહાર રંગમતી નદી વિસ્તારમાં આવેલ રંગમતી સોસાયટી અને મહારાજા સોસાયટીમાંથી ૪૫ મિલ્કતો તોડપાડ કરીને ૬૧,૬૫૫ ફૂટ જમીન ખુલ્લી કરાવાઇ હતી. લાલપુર બાયપાસ સર્કલથી ઘાંચીની ખડકી સુધીના નદીની ડાબી બાજુના વિસ્તારમાં આવેલ ૩૩ દબાણો તોડી પાડી ૬૬.૮૬૪ ચો.ફૂટ જગ્યા ખુલ્લી કરાવાઇ હતી. મારૂ કંસારાની વાડી પાછળ રંગમતી નદીના વિસ્તારમાં બે દિવસ દરમ્યાન ૨૯ દબાણ હટાવી



૧,૦૦૭૦૦ ફૂટ જમીન ખુલ્લી કરાવાઇ હતી.અન્નપૂર્ણા માતાજીના મંદિર પાસે ૧૭ દબાણો તોડી પાડી ૨,૨૭,૧૫૨ ફૂટ જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. નવનાલા પાસેના અપસ્ટ્રીમ વિસ્તારમાંથી ૨૨ દબાણો હટાવીને ૨૨૦૮૦ ફૂટ જગ્યા ખુલ્લી કરાવાઇ છે. સોનાપુરી સ્મશાનથી ગાંધીનગર સુધીના ૧૨ મીટર ડી.પી. રોડની અમલવાર માટે ૩૫૦ દબાણો દૂર કરી ૪,૫૧,૯૨૦ ફૂટ જગ્યા ખાલી કરવવામાં આવી છે.આ ઉપરાંત જામનગર મહાનગરપાલિકાની માલિકીની રેસ.સર્વે નં.૨૯૮વાળી જગ્યા કે જે બચુનગર વિસ્તાર તરીકે ઓળખાતી હતી તેમા આવેલા ૨૯૪ દબાણો દૂર કરીને ૭,૧૨,૩૧૮ ચો. ફૂટની ૧૮૫ કરોડની જમીન ખુલ્લી કરવવામાં આવી છે. આમ કુલ ૯૧૭ દબાણો તોડી પાડીને ૨૫૯.૦૨ કરોડની કિંમતની ૧૯,૧૯,૦૦૧ ચોરસ ફૂટ જમીન ખુલ્લી કરાઇ છે. જેના કારણે નદીની વહન ક્ષમતામાં ૧૪.૭૦ એમસીએફટીનો વધારો થયો છે.

# જામનગરમાં તિરૂપતિ સોસાયટી વિસ્તારમાં મહિલા સંચાલિત જુગારધામ પર એલસીબીનો દરોડો, ૯ સ્ત્રી-પુરુષો રંગે હાથ પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં તિરુપતિ સોસાયટી વિસ્તારમાં રહેતી એક મહિલા દ્વારા પોતાના રહેણાંક મકાનમાં જુગારધામ ચલાવાઇ રહ્યું હોવાની ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટુકડીએ દરોડો પાડી જુગાર રમી રહેલા ૯ સ્ત્રી પુરુષોની અટકાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૧,૨૮,૨૦૦ ની માલમતા કબજે કરી છે.

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે જામનગરમાં તિરૂપતિ સોસાયટી શેરી નંબર-૨ માં રહેતી અલ્પાબેન અશ્વિનભાઈ ગોહેલ નામની મહિલા દ્વારા પોતાના રહેણાંક મકાનમાં બહારથી સ્ત્રી પુરુષોને એકત્ર કરીને જુગારધામ ચલાવાઈ રહ્યું છે, જે બાતમીના આધારે એલસીબીની ટુકડીએ દરોડો પાડ્યો હતો, જે દરોડા દરમિયાન મકાન માલિક મહિલા સહિત કુલ ૯ સ્ત્રી પુરુષો ગંજીપાના વડે હારજીતનો જુગાર રમતાં રંગે હાથ પકડાઈ ગયા હતા. આથી એલસીબીની ટીમે મકાન માલિક મહિલા અલ્પાબેન ગોહેલ ઉપરાંત જ્યોતિબેન વિજયભાઈ ચૌધરી, રમાબેન બાબુલાલ રાઠોડ, દક્ષાબેન દેવશીભાઈ વાઢીયા, મમતાબેન ઈરફાનભાઇ ખફી, ઉપરાંત હિરેનભાઈ જેન્તીભાઈ કાછડીયા, રવિભાઈ વજુભાઈ ગોહિલ, મયુરભાઈ જગુભાઈ ગોજીયા, દેવાયતભાઈ ભીમજીભાઇ વાઘેલા, વગેરે સહિત ૯ આરોપીઓની અટકાયત કરી લઇ તેઓ પાસેથી ૨૮,૨૦૦ની રોકડ રકમ, ૯ નંગ મોબાઈલ ફોન અને એક બાઈક સહિત રૂપિયા ૧,૨૮,૨૦૦ ની માલમતા કબજે કરી છે.

# રાજકોટ મામલતદાર કચેરીએ સર્વરડાઉન હોવાથી અરજદારો પરેશાન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મામલતદાર કચેરીએ સર્વરડાઉન હોવાથી અરજદારો ત્રણ દિવસથી પરેશાન થઇ રહ્યા છે. શિક્ષણ કાર્ય ચાલુ થયું હોય આવકના દાખલા માટે અરજદારોના વલખા મારી રહ્યા છે.

છેલ્લા ત્રણ દિવસથી જૂની ક્લેક્ટર કચેરીની મામલતદાર કચેરીમાં અરજદારો ધકા ખાવા મજબૂર બન્યા છે. પરંતુ તંત્રના પેટનું પાણી હલતું નથી. આજે અરજદારોએ હૈયા વળાર ઠાલવતા જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ દિવસથી ધંધા રોજગાર પાડી તેઓ આવકનો દાખલો કઢાવવા મામલતદાર કચેરીએ પહોંચ્યા છે. તેઓએ જણાવ્યું કે, તત્કાલિક ધોરણે વૈકલ્પિક રસ્તો કાઢી આવકના દાખલાની કામગીરી શરૂ કરવાની માંગ કરી છે.

# સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનોઓ માટે જામનગર ગોકુલ નગર, ઉદ્યોગનગર સહિતના વિસ્તારની બસ સુવિધા ઉપલબ્ધ

**મુખ્ય સમાચાર, જામનગર**

ગોકુલ નગર, ઉદ્યોગ નગર, પાણાખાણ, રડાર રોડ, સાયોના શેરી અને જકાતનાકા વિસ્તારના વાલીઓ માટે સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ દ્વારા ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓની સુવિધા માટે બસની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જે વાલીઓ પોતાની દીકરીઓને સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલમાં ભણાવવા માંગતા હોય અથવા હાલ અભ્યાસ કરતી હોય તેવી વિદ્યાર્થીનીઓ માટે આ સુવિધાનો લાભ લઈ શકે છે.આ માટે વિદ્યાર્થીનીઓએ સવારે ૯૩૦ વાગ્યે રડાર ગેટ, શાયોના શેરી, ગોરબાપા સોડાવાળા, જકાતનાકું, પાણાખાણ નાકા ખાતેના બસ સ્ટોપ ખાતે પહોંચવાનું રહેશે.

જે વાલીઓ આ સુવિધાનો લાભ લેવા ઈચ્છતા હોય અથવા પોતાની દીકરીઓને સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલમાં પ્રવેશ અપાવવા માંગતા હોય, તેઓએ વધુ માહિતી માટે શાળાનો રૂબરૂ સંપર્ક કરવા શાળાના આચાર્યાદ્વારા અનુરોધ કરાયો છે.

# રાજકોટ રેલ મંડળમાં સફળતાપૂર્વક આયોજિત કરાઈ પેન્શન અદાલત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ મંડળ પર તાજેતરમાં પેન્શન અદાલતનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. પેન્શનરો અને પારિવારિક પેન્શનરો પાસેથી અગાઉથી અરજીઓ મંગાવવામાં આવી હતી, જેના પર આવશ્યક કાર્યવાહી કરવામાં આવી. કુલ ૩૦ કેસ પ્રાપ્ત થયા, આ તમામ કેસોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો. આ દરમિયાન કુલ ૦૮ પેન્શન પે ઓર્ડર જારી કરવામાં આવ્યા, જે ઉપસ્થિત નિવૃત્ત રેલકર્મીઓને અપર મંડળ રેલ પ્રબંધક શ્રી કૌશલ કુમાર ચૌબે દ્વારા વ્યક્તિગત રૂપે પ્રદાન કરવામાં આવ્યા.

ચૌબેએ ઉપસ્થિત તમામ પેન્શનરો અને પેન્શનર એસોસિએશનના પ્રતિનિધિઓને ખાતરી આપી કે માત્ર પેન્શન અદાલત દરમિયાન જ નહીં, પરંતુ સામાન્ય કાર્ય દિવસોમાં પણ પેન્શનરોની સમસ્યાઓ પર પૂરું ધ્યાન આપવામાં આવશે તથા કર્મચારી વિભાગ અને લેખા વિભાગ દ્વારા હંમેશા પૂરો સહયોગ કરવામાં આવશે.

આ વખતે ની પેન્શન અદાલતમાં આશરે ૩૦ વરિષ્ઠ




નાગરિકો/તેમના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા અને સૌહાર્દપૂર્ણ રીતે પેન્શન અદાલત સંપન્ન થઈ.

આ અવસર પર વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી અમૃત સોલંકી, વરિષ્ઠ મંડળ ફાઈનાન્સ પ્રબંધક કિરણિંદુ આર્ય, સહાયક કાર્મિક અધિકારી કમલેશ દવે, સહાયક કાર્મિક અધિકારી હસમુખ ચુનાવાલા, કલ્યાણ નિરીક્ષકોની ટીમ, સ્થાપના સેટલમેન્ટ વિભાગ અને લેખા વિભાગ (પેન્શન) ની ટીમના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા અને પેન્શન અદાલતને સફળ બનાવી.

# જામનગરમાં પહોંચી મેઘ સવારી, રોડ પર પાણી ભરાયા





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં પવનના સૂસવાટા સાથે મેઘરાજાએ પધરામણી કરી છે. ભારે ઉકળાટ બાદ વરસાદની શરૂઆત થતાં જ શહેરમાં ઠંડક પ્રસરી છે. જામનગરના તમામ તાલુકામાં વરસાદ વરસતા ખેડૂતો પણ ખુશખુશાલ જોવા મળ્યા.

જામનગર જિલ્લાના તાલુકા મથકોએ એડધયહી માંડી સવા પાંચ ઈંચ વરસાદ થયો છે, આજે સવારે આઠ વાગ્યે પુરા થતા ૨૪ કલાકના ગાલા દરમિયાન જામનગરમાં પોણા બે ઈંચ, કાલાવડ, ધ્રોલમાં સવા ઈંચ, જામજોધપુરમાં એક ઈંચ વરસાદ પડયો છે જયારે સૌથી ઓછો લાલપુર તાલુકા મથકે અડધો ઈંચ વરસાદ નોંધાયો છે.બીજી તરફ જિલ્લાના તમામ તાલુકા મથકે આવેલ પીએચસી મથકો પર વરસાદી આંકડાઓ નોંધાયા છે જેમાં જામનગર તાલુકામાં સૌથી વધુ વરસાદ થયો હોવાની વિગતો સામે આવી છે. જામનગર તાલુકાના અલિયાબાડા અને મોટી બાણુગાર ગામે ત્રણ ઈંચ, જામવંથલીમાં સવા બે ઈંચ, મોટી ભલસાણમાં બે ઈંચ, દરેડ અને લાખાબાવળમાં એક એક ઈંચ તથા ફલ્લામાં પોણા બે ઈંચ વરસાદ વરસ્યો છે જ્યારે વસઈમાં આઠમી વરસાદ પડયો છે.જોડિયા તાલુકાની વાત કરવામાં આવે તો તાલુકા મથકે સૌથી વધુ વરસાદ છે પરંતુ તાલુકાના હરિયાણા ગામે બે ઈંચ બાલંભા ગામે દોઢ ઈંચ અને પીઠડ ગામે પોણા બે ઈંચ વરસાદ વરસ્યો હોવાના આંકડા સામે આવ્યા છે.

તો બીજી તરફ ધ્રોલ તાલુકાના પીએસસી સેન્ટરમાં નોંધાયેલ આંકડા મુજબ એક ઈંચ વરસાદ ઝાલીયા દેવાણીમાં પોણા બે ઈંચ વરસાદ અને લયારા ગામે એક ઈંચ વરસાદ પડ્યો છે.જયારે કાલાવડ તાલુકાના ભલસાણ બેરાજા ગામે એક ઈંચ પાંચ દેવડા અને મોટા વડાળા ગામે એક ઈંચ વરસાદ તેમજ નિકાવા અને ખરેડી ગામે અનુક્રમે સાત અને છ મીમી ઝાપટા પડ્યા હોવાનો સામે આવ્યું છે.જામનગર જીલ્લાના જામજોધપુર તાલુકાના પરડવા સમાણા ગામે અને વાંસજાળિયા ગામે એક એક જ વરસાદ, જામવાડી અને ધ્રાફા ગામે પોણો ઈંચ વરસાદ વરસ્યો હતો જ્યારે શેઠ વડાળામાં પાંચ મિમી અને ઘૂનડા ખાતે ૬ મીમી રૂપી ઝાપટા પડ્યા હતા. લાલપુર તાલુકાની વાત કરવામાં આવે તો પીપરટોડા મોટા ખડબા માં એક એક વરસાદ જ્યારે હરીપર ગામે સવા ઈંચ વરસાદ પડયો છે આ ઉપરાંત વડાણા ગામે છ મીમી ભણગોર ગામે આઠ મિમી રૂપે વરસાદ વરસ્યો છે.

# વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ ટ્રેન હવે રાબેતા મુજબ દોડશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝનના રાજકોટ-બિલેશ્વર સેક્શનમાં એન્જિનિયરિંગ વિભાગ દ્વારા બ્લોક લેવામાં આવ્યો હતો, જેના કારણે ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ - ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસને દર શુક્રવારે અને રવિવારે વેરાવળ સ્ટેશનથી ૧ કલાક અને ૧૫ મિનિટ મોડી ચલાવવામાં આવી રહી હતી, જેને ૨૭.૦૬.૨૦૨૫ સુધી મોડી ચલાવવાની હતી. આ બ્લોક હવે હટાવી દેવામાં આવ્યો છે, જેના કારણે હવે આ ટ્રેન વેરાવળ સ્ટેશનથી તેના નિર્ધારિત સમય સવારે ૭.૩૦ વાગ્યે ઉપડશે.

# અમદાવાદ પ્લેન ક્રેશમાં મૃતકના પરિવારને પોલીસે લાખોના ઘરેણા પરત કર્યા





**વડોદરાનો પરિવાર ડેડબોડી લઇને ઉતાવળે નીકળી જતાં પોલીસે જાણ કરી પાંચ તોલા સોનુ પરત સોંપ્યુંઃ પોલીસની ઈમાનદારી સાથેની માનવતાભરી કામગીરી બિરદાવાઇ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદ પ્લેન ક્રેશ દૂર્ઘટનામાં પોલીસની કામગીરીને સરાહના થાય એટલી ઓછી. પાંચ દિવસથી સતત રાત-દિવસ ખડેપગે રહેતા ઉચ્ચ અધિકારીઓથી લઈ નાના કર્મચારીઓ દ્વારા મૃતકના પરિવારજનોને તેમના ડેડબોડી ઝડપથી મળે એ સાથે મૃતકના શરીર પરથી જો કાંઈ વસ્તુઓ મળી હોય તે પણ ચકાસણી સાથે પરત કરવાની ઈમાનદારી સાથેની માનવતાભરી ફરજ બજાવાઈ રહી છે.

વડોદરાનો પરિવાર ડેડબોડી લઈને નીકળી ગયા બાદ તેઓને બોલાવી પાંચ લાખના ઘરેણા મૃતકના સ્વજનોને પરત કરાયા હતા.

વડોદરાના વાસણા રોડ પર રહેતા વિણાબેન વલ્લભભાઈ અઘેડા (ઉ.વ.૭૫) તથા વલ્લભભાઈ અઘેડા (ઉ.વ.૭૬) વૃધ્ધ દંપત્તી એ કમનસીબ ફ્લાઈટના મુસાફર હતા અને બન્નેના મૃત્યુ નિપજ્યા હતા. વિણાબપેનના ડીએનએ મેચ થતાં પુત્રી ખુશનુમા બાનુને વિણાબેનની ડેડબોડી સોંપાઈ હતી.વિણાબેનના શરીર પરથી જે તે સમયે સોનાની બંગડી, બ્રેસલેટ, ચેઈન સહિતના અંદાજે ચારથી પાંચ તોલા સોનાના ઘરેણા પરત કરવાના રહી ગયા હતા જે જાણ ડીસીપી પ્રદીપસિંહ જાડેજાને થતાં તુરંત જ નરોડાના પીઆઈ પી.વી. ગોહિલ, પીએસઆઈ ભરતસિંહ રાઠોડને સૂચના આપી હતી કે વલ્લલભભાઈના ડીએનએ મેચ થાય અને ડેડબોડી લેવા તેમના પરિવાર આવે ત્યારે ઘરેણા સાથે સુપરત કરી દેવા. પુત્રી સહિતના વિણાબેનનું ડેડબોડી લઈને જતા હતા રસ્તામાં હતા એવા સમયે જ વલ્લભભાઈના ડીએનએ મેચનો રિપોર્ટ પોઝિટિવ આવતા તુરંત જ જાણ કરાઈ હતી. જો વલ્લભભાઈનું ડેડબોડી પણ લઈ જાય તો દંપત્તીની સાર્થે અંતિમવિધિ થઈ શકે જેથી પરિવાર અમદાવાદ સિવિલ હોસ્પિટલે પહોંચ્યો હતો. વલ્લભભાઈના ડેડબોડી સાથે વિણાબેનના મૃતદેહ પરથી મળેલા અંદાજે સાડા ચાર લાખના ઘરેણા પરિવારને સુપરત કર્યા હતા. પોલીસ પ્રજાનો મિત્ર છે અને ખરા ખરા દુઃખના સમયનો સાથી છે તે મુજબ પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્રસિંહ મલ્લિક, જેસીપી જયપાલસિંહ રાઠોડ, ડીસીપી રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ અમદાવાદ પોલીસ દાવા સુરક્ષા સાથે સેવાનું ઉત્તર દાયિત્વ નિભાવાઈ રહ્યું છે.

# અમદાવાદના વૃદ્ધ દંપતીના મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યા

**તાજેતરમાં પ્લેન ક્રેશ થવાની ઘટનામાં મરણ જનારના ડીએનએ સેમ્પલ મેચ થતા, પાર્થિવ શરીર પરિવારજનોને સોંપવાની કાર્યવાહી ચાલુ**

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

સિવિલ હોસ્પિટલ ખાતે પોલીસ, મ્યુનિ. કોર્પો., વહીવટી તંત્ર, સહિતનો સ્ટાફ ખડેપગે ફરજ બજાવી રહ્યો છે. અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્ર સિંહ મલિક, જેસીપી સેક્ટર ૦૨ જયપાલ સિંહ રાઠોડ તથા ડીસીપી ઝોન ૦૬ રવિ મોહન સૈની દ્વારા બંદોબસ્તમાં રહેલ અમદાવાદ શહેર પોલીસને આ ઘટનામાં ભોગ બનનાર વ્યક્તિઓના સગા સંબંધીઓ સાથે સોહાર્દપૂર્ણ વ્યવહાર કરવા તથા મદદરૂપ થવા સૂચનાઓ કરવામાં આવેલ છે..

આ ઘટનામાં ઘણા ફેમિલીના બે અથવા વધારે સભ્યોના મૃત્યુ થયેલા હોય, તેઓના ડીએનએ વારા ફરતી આવતા હોય, સગા સંબંધીઓને અંતિમ વિધિ એક કરતા વધારે વખત કરવાની પરિસ્થિતિ ઉપસ્થિત થાય, ત્યારે સગાંસંબંધીઓ વિસામણમાં પડી જાય છે. અમદાવાદ શહેરના સિંધુ ભવન રોડ, થલતેજ ખાતે રહેતા મીનાબેન દિલીપભાઈ પટેલ ઉવ. ૬૮ અને દીલીપભાઈ મહેન્દ્રભાઈ પટેલ ઉવ. ૬૯ નું પણ એર ઈન્ડિયાની ફલાઇટમાં સફર કરતા, અકસ્માતમાં મરણ ગયેલ હોય, તેઓ પૈકી પહેલા



દિલીપભાઈ મહેન્દ્રભાઈ પટેલના ડીએનએ મેચ થતા, તેઓના દીકરા દેવર્ષ પટેલ અને જમાઈ કુશાન સોઢા ને પાર્થિવ શરીર સોંપવા જણાવવામાં આવેલ. પરંતુ, એક જ કુટુંબમાં બે મરણ થયેલ હોય, અલગ અલગ વિધિ કરવાની જગ્યા બન્નેના પાર્થિવ શરીર સાથે મળે તો, એક સાથે અંતિમ વિધિ થઈ શકે, તે હેતુથી અલગ અલગ જગ્યાએ રજૂઆત કરતા કોઈ ધ્યાન દેતા નહીં હોવાની રજૂઆત અને ચિંતા સાથે બંદોબસ્તમાં રહેલ ડીસીપી પ્રદીપસિંહ જાડેજાને મળતા, ડીસીપી જાડેજા, એસીપી કૃણાલ દેસાઈ તથા શાહીબાગ પીઆઇ જે.ડી.ઝાલા, તપાસ કરનાર નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ. પી.વી. ગોહિલ, પીએસઆઈ ભરતસિંહ રાઠોડ તથા સ્ટાફ દ્વારા પરિવારજનોને સાંત્વના આપી, એફએસએલ ડીએનએ રિપોર્ટ આવતા વાર લાગતી હોય, જે ટેકનિકલ બાબત હોય, જ્યારે ડીએનએ મેચ થઇને આવશે, ત્યારે તરત જ પરિવારજનોને જાણ કરવામાં આવશે અને બંને ડેડબોડીની અંતિમ વિધિ સાથે થાય, એવી વ્યવસ્થા કરવા પ્રયત્નો કરવા સમજણ આપતા અને બીજા દિવસે સવારે ડીએનએ રિપોર્ટ મેચ થઈ આવી જતા, તેઓને જાણ કરી, માતા પિતાના પાર્થિવ શરીર એક સાથે મળે, તે માટે પોલીસ દ્વારા હેલ્થ ડિપાર્ટમેન્ટ સાથે સંકલન કરી, બંને ડેડબોડી એક સાથે મળે, તેવું વ્યવસ્થા કરી આપતા, બંને માતા પિતાના પાર્થિવ શરીર અમદાવાદ શહેર પોલીસ તથા વહીવટી તંત્રની સંકલિત કામગીરીના કારણે એક સાથે મળતા, મરણ જનાર મીનાબેન પટેલ તથા દીપીપભાઈ પટેલના પરિવારજનો દ્વારા કપરી પરિસ્થિતિમાં અમદાવાદ શહેર પોલીસની સંવેદનશીલ કામગીરીના ભરપૂર વખાણ કરી, ભાવ વિભોર થયેલ અને અમદાવાદ શહેર પોલીસનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો. અમદાવાદ સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ ખાતે ભાવ વાહી દ્રશ્યો સર્જાયા હતા. અંતિમ વિધિ પત્યા બાદ પણ મીનાબેન અને દીપીપભાઈ પટેલના જમાઈ દ્વારા ડીસીપી પ્રદીપસિંહ જાડેજાને ટેલિફોન કરીને પોતાના માતાપિતાની અંતિમ વિધિ પૂરી થઈ ગયા હોવાની જાણ કરેલ અને પોલીસ આવી પણ હોય છે, એનો એહસાસ થયો હતો તેમજ ફરીથી આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.

# રાજકોટ ગ્રામ્યમાં ૩૧ જૂન સુધી 'ઝાડા નિયંત્રણ પખવાડિયું' ઉજવવાનું આયોજન

### બાળકોને ઝાડાની સારવાર માટે ઓ.આર.એસ. અને ઝીંકની ગોળી આપવા અનુરોધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશમાં વર્ષે ૧.૨૦ લાખથી વધારે બાળકો ઝાડાના કારણે મૃત્યુ પામે છે. ઉનાળા અને ચોમાસાની ઋતુમાં ઝાડાના લીધે મૃત્યુ વધુ પ્રમાણમાં જોવા મળે છે. આર્થિક રીતે પછાત પરિવાર, ઝુંપડપટ્ટીઓ, સ્લમ વિસ્તારના બાળકો સૌથી વધારે ઝાડાના રોગથી પ્રભાવિત થાય છે. આથી, ઝાડાના રોગથી બચવા માટે બાળકોને ઓ.આર.એસ. (ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશન), ઝીંક ટેબલેટની સાથે પૂરતો, સ્વચ્છ, પોષણયુક્ત પૌષ્ટિક આહારનું પ્રદાન સુનિશ્ચિત કરવાથી શરીરમાંથી પાણી અને જરૂરી ક્ષારનું પ્રમાણ જાળવી શકાય છે. સ્વચ્છ પાણી, સ્તનપાન, યોગ્ય પોષક આહાર, સ્વચ્છ વાતાવરણ, હાથ ધોવાની આદત વગેરે થકી પણ ઝાડા અટકાવી શકાય છે.

બાળકોમાં ઝાડાના કારણે થતા મૃત્યુનું પ્રમાણ વધારે હોવાના કારણે તેને નિયંત્રિત કરવા માટે વર્ષ ૨૦૧૪થી 'સઘન ઝાડા નિયંત્રણ પખવાડિયું' (આઈ.ડી.સી.એફ.)ની ઉજવણી કરાય છે. આ વર્ષે તા. ૧૬ જૂનથી તા. ૩૧ જૂન દરમિયાન સઘન 'ઝાડા નિયંત્રણ પખવાડિયું' ઉજવવાનું આયોજન કરાયું છે. જેનો ઉદ્દેશ જન્મથી ૦૫ વર્ષના બાળકોના થતાં મૃત્યુના કારણમાં જોવા મળતાં ૧૫%ના દરને શૂન્ય કરવાનો છે, બાળકોને ઝાડાની સારવારમાં ઓ.આર.એસ.અને ઝીંકનો વપરાશ વધારવો તથા ૦૫ વર્ષથી ઓછી વયના બાળકોમાં થતા ઝાડાના નિયંત્રણ અને સારવારને લગતી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાની પ્રવૃત્તિઓ હાથ ધરવાનો છે.

રાજકોટ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદના માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયતની આરોગ્ય અને પરિવાર કલ્યાણ શાખા હેઠળ ૧૨ સામુહિક આરોગ્ય કેન્દ્રો, ૫૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૨૯૭ આયુષ્માન આરોગ્ય મંદિર અને તેમના સેજાના ગામોમાં 'સઘન ઝાડા નિયંત્રણ પખવાડીયા'ની ઉજવણી કરાઈ રહી છે. આ દરમિયાન ઝાડાની બીમારીની ઓળખ અને નિયંત્રણ માટે સામુદાયિક સ્તરે સજાગતા કેળવવાની વિવિધ પ્રવૃત્તિઓ તથા ઝાડાની બીમારીની સારવાર, ઓ.આર.એસ. ઝીંક કોર્નર બનાવાયા છે. આશા બહેનો દ્વારા પાંચ વર્ષથી ઓછી વયના બાળકોના ઘરે ઓ.આર.એસ.ના પેકેટનું વિતરણ કરાય છે. આરોગ્ય કાર્યકરો દ્વારા આરોગ્ય કેન્દ્રો ખાતે મમતા દિવસે ઝાડા નિયંત્રણ માટે ઓ.આર.એસ. અને ઝીંક આપવાની સાચી રીત અને હાથ ધોવાની સાચી રીત અને ૦૬ માસ સુધી ફક્ત સ્તનપાન અંગે માર્ગદર્શન અપાય છે. જનસમુદાય માટે સ્વચ્છતા અને આરોગ્ય સંબંધિત જાગૃતિ કેળવવા માટે આરોગ્ય કર્મચારીઓ, આશા બહેનો, આંગણવાડી વર્કર બહેનો જહેમત ઉઠાવી રહ્યાં છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. આર. આર. ફુલમાલીએ જણાવ્યું હતું કે ઝાડા દરમિયાન ઓ.આર.એસ. અને ઝિંકની ગોળીઓ આપવી જરૂરી છે. માતાનું દૂધ અને પ્રવાહી પદાર્થ આપવાનું ચાલુ રાખવું જોઈએ. ૧૪ દિવસ સુધી બાળકને ઝિંકની ગોળીઓ આપવી જોઈએ. બાળકોને ઝાડાની સારવાર બાળકના મળનો ઝડપી અને યોગ્ય નિકાલ કરવો જોઈએ. સ્તનપાન ચાલુ રાખવું જોઈએ. ઝાડા દરમિયાન અને ઝાડા મટી ગયા પછી વધારે માત્રામાં પ્રવાહી પણ આપવાનું ચાલુ રાખવું જોઈએ. શુદ્ધ પાણીનો પીવા માટે ઉપયોગ કરવો. માતાએ જમવાનું બનાવતા પહેલા, બાળકને જમાડતા પહેલા અને બાળકનું મળ સાફ કર્યા પછી હાથ સાબુ વડે ધોવા જોઈએ. બાળકોને ઝાડા થયા હોય ત્યારે ઓ.આર.એસ. અને ઝીંકની સારવ-ાર માટે ગામના આશા બહેન, આંગણવાડી કાર્યકર, આરોગ્ય કર્મચારી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલનો સંપર્ક કરવા અનુરોધ છે.

# ખરીફ કઠોળ પાકોમાં રોગ-જીવાત વ્યવસ્થાપન માટે ખેડૂતોએ તકેદારીના પગલાં ભરવા અનુરોધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખરીફ કઠોળ પાક મગ, મઠ, અડદ તથા ચોળામાં રોગ-જીવાત વ્યવસ્થાપન માટે વાવણી પહેલાં અને વાવણી સમયે ખેડૂત મિત્રોએ તકેદારીના પગલાં ભરવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ કરાયો છે.

રોગપ્રતિકારક જાતો જેવી કે, મગની ગુજરાત આણંદ મગ-૫,૬,૭ તેમજ અડદની ટી-૯ ની વાવણી કરવી, રોગમુક્ત છોડ પરથી એકઠા કરેલ દાણાનો બિયારણ તરીકે ઉપયોગ કરવો. વિષાણુંથી થતી પાનની કરચલી રોગના નિયંત્રણ માટે બિયારણને વાવતા પહેલાં ૫૫ સેં ગ્રે. ગરમ પાણીમાં ૩૦ મીનીટ રાખવા ત્યારબાદ ઉપયોગમાં લેવા.

મગ, મઠ, અડદ જેવાં પાકોમાં મેક્રોફેમિના બ્લાઇટ રોગના નિયંત્રણ માટે ધાન્ય પાકોની સાથે ફેરબદલી કરવી, પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોએ બીજામૃતનો પટ આપી બીજને છાંયડામાં સૂકવી વાવેતર કરવું. વાવેતર સમયે ૧૦૦ કિલો છાણિયું ખાતર અને ૧૦૦ કિલો ઘન જીવામૃત ભેળવીને ૧ એકર જમીનમાં નાખવું. બીજને વાવતા પહેલાં થાયરમ, કાર્બેન્ડેઝીમ અથવા મેન્કોઝેબ જેવી ફૂગનાશકોનો ૨ થી ૩ ગ્રામ/કિલો બીજ દીઠ પટ આપીને વાવણી કરવી.

જીવાણુંથી થતા પાનના ટપકાનો રોગના નિયંત્રણ માટે બીજને સ્ટ્રેપ્ટોસાયક્લીન ૨૫૦ પીપીએમ દ્રાવણમાં ૧૫ મીનીટ બોળી રાખીને ત્યારબાદ વાવણી કરવી. મોલો, સફેદમાખી, તડતડીયાં અને થ્રિપ્સના નિયંત્રણ માટે બીજને જંતુનાશક દવાઓ જેવી કે, ઈમિડાક્લોપ્રિડ ૭૦ ડબ્લ્યુએસ ૭.૫ ગ્રામ અથવા ઈમિડાક્લોપ્રિડ ૬૦૦ એફએસ ૧૦ મિ.લી. અથવા થાયામેથોક્ઝામ ૭૦ ડબ્લ્યુએસ ૨.૮ ગ્રામ અથવા થાયામેથોક્ઝામ ૩૫ એફએસ ૧૦ મિ.લી પ્રતિ કિલો પ્રમાણે બીજ માવજત આપી વાવેતર કરવું. થડમાખી જીવાતનો વધુ ઉપદ્રવ રહેતો હોય તેવા વિસ્તારોમાં નિયંત્રણ માટે કાર્બોફ્યુરાન ૩ સીજી ૩૦ કિ.ગ્રા./ હે પ્રમાણે જમીનમાં આપવું. આ અંગે વધુ જાણકારી માટે ગ્રામસેવક / વિસ્તરણ અધિકારી/ ખેતી અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક/ જિલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)/નાયબ ખેતી નિયામક (તાલીમ) નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## સીટી સમાચાર

### આઈ ખેડૂત પોર્ટલ પર યોજના નિદર્શન હેઠળના ઘટકો માટે ઓનલાઈન અરજીઓ ૧૮ જૂનથી કરી શકાશે

રાજ્યના ખેડૂતો ખેતીવાડી ખાતાની વિવિધ યોજના હેઠળના નિદર્શન ઘટકોનો લાભ લઇ શકે તે માટે આઈ ખેડૂત પોર્ટલ તા.૧૮/૬/૨૦૨૫, બુધવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકથી તા.૦૧/૦૭/૨૦૨૫ (૧૪ દિવસ) સુધી ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવા માટે ખુલ્લું મુકવામાં આવશે. જે ધ્યાને લઇ રાજકોટ જિલ્લાના ખેડૂતોએ આ નિદર્શન ઘટકોમાં લાભ મેળવવા માટે ઓનલાઈન અરજી કરીને અરજીની નકલ પોતાની પાસે રાખવાની રહેશે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી રાજકોટની યાદીમાં જણાવાયું છે.

### આરોપીઓને કોર્ટમાં હાજર થવા ફરમાન

રાજકોટના માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાના આરોપી કાંતિભાઈ ભીખાભાઈ ચૌહાણ રહે. ખીરસરા, તાલુકો લોધીકા તથા આરોપી મંજુબેન મહેશભાઈ ચૌહાણ રહે ખંભાળિયા જીલ્લો જામનગર વિરુદ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ આરોપી રાજકોટના એડિશનલ સેશન્સ જજ પી.જે.તમાકુવાલાની કોર્ટમાં ચાલતા કેસમાં હાજર રહેતા નથી.

આ અંગેની ફરિયાદના આધારે એડિ. સેશન્સ જજશ્રીએ, સી.આર.પી.સી.ની કલમ ૮૨ મુજબ, કોર્ટમાં હાજર રહેવા ફરમાન કરતું જાહેરનામું બહાર પાડ્યું છે. આથી આરોપીને તેમના વિરુદ્ધની ફરિયાદનો જવાબ આપવા એડિ. સેશન્સ જજશ્રી સમક્ષ હાજર રહેવા ફરમાન જારી કરાયું છે.

### સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લોધીકા ખાતે પ્રવેશ મેળવવા ઓનલાઈન પ્રક્રિયા શરુ

રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના ખીરસરા ગામમાં (ચિભડા ચોકડી, કાલાવડ રોડ, રાજકોટ) આવેલી સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લોધીકા ખાતે પ્રવેશ મેળવવાના ફોર્મ ભરવાની પ્રક્રિયા ઓનલાઈન શરૂ થઈ છે. જેમાં લઘુત્તમ લાયકાત ધો. ૧૦માં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર કોપા, મીકે. ડીઝલ, ફીટર, ઈલેક્ટ્રિશિયન અને બ્યુટી પાર્લર તથા લઘુત્તમ લાયકાત ધો. ૦૮માં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ સીવણ અને વાયરમેન જેવા રોજગારલક્ષી કોર્સમાં પ્રવેશ મેળવી શકશે. વિદ્યાર્થીઓ સવારના ૧૦ કલાકથી સાંજના ૦૫ કલાક દરમિયાન સંસ્થા ખાતે રુબરૂ અથવા ફોન નં. ૦૨૮૨૭-૨૯૯૫૬૬ પર સંપર્ક કરી શકે છે. ફોર્મ ભરવા તથા વધુ માહિતી માટે વેબસાઈટ https://itiadmission.gujarat.gov.in/ ની મુલાકાત લઈ શકાશે, તેમ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લોધીકાની યાદીમાં જણાવાયું છે.

# ન્યારી-ભાદર સહિત ૨૬ જળાશયોમાં નવા નીર

**ચોમાસાના પ્રથમ વરસાદમાં જ ડેમોમાં નવા પાણી : સૌરાષ્ટ્રના ડેમોમાં એક જ દિવસમાં ૧૨ ટકાથી વધુ પાણી ઠલવાયુ : મોરબી - સુરેન્દ્રનગર જીલ્લાના જળાશયોમાં ધીંગી આવક**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ચોમાસાના વિધિવત આગમન સાથે જ ખાબકેલા સાર્વત્રિક વરસાદથી જળાશયોમાં નવા નીર હિલોળા લેવા માંડયા છે. આજે સતત બીજા દિવસે ભાદર સહિતના જળાશયોમાં નવા પાણીની આવક હતી. મહત્વની અછત એ છે કે એક જ દિવસમાં સૌરાષ્ટ્રના જળાશયોમાં સરેરાશ ૧૨ ટકા પાણી ઠલવાઈ ગયુ છે.


રાજકોટ સિંચાઈ વર્તુળના રિપોર્ટ પ્રમાણે રાજકોટને પાણી પુરુ પાડતા ભાદર ડેમની સપાટીમાં ૧.૨૫ ફુટનો વધારો થયો છે અને કુલ સપાટી ૨૨.૭૦ ફુટ પર પહોંચી છે. આ સિવય આજી-૧ ડેમમાં ૦.૨૦ ફુટ પાણી આવતા કુલ સપાટી ૨૩.૭૦ ફુટ થઈ છે.

આ સિવાય ન્યારી-૧ની સપાટીમાં કોઈ વધારો નથી પરંતુ ન્યારી-૨ ડેમની સપાટી ૦.૩૩ ફુટ વધીને ૧૫.૬૦ ફુટ થઈ છે. ફાડદંગબાટીની સપાટી ૪.૧૦ ફુટ વધીને ૫.૭૦ ફુટ થઈ હતી. લાલપરી તળાવની સપાટી ૦.૬૬ ફુટ વધીને ૧૦.૫૦ ફુટ પર પહોંચી હતી.

છાપરવાડી-૨માં ૧.૩૧ ફુટ, કર્ણુકીમાં ૩.૨૮ ફુટ, ઘેલા સોમનાથની સપાટીમાં ૩.૪૮ ફુટ તથા માલગઢની સપાટીમાં ૬.૫૬ ફુટનો વધારો થયો હતો અને કુલ સપાટી ૧૪.૪૦ ફુટ પર પહોંચી હતી.

આ સિવાય મોરબી જીલ્લાના ડેમો મચ્છુ-૧ની સપાટીમાં ૪.૪૦ ફુટ, મચ્છુ-૨માં ૩.૧૮ ફુટ, ડેમી-૨માં ૦.૮૨ ફુટ, ઘોડાધ્રોઈમાં ૯.૫૧ ફુટ, બ્રાહ્મણીમાં ૧૨.૮૯ ફુટ, બ્રાહ્મણી-૨માં ૧.૩૧ ફુટનો વધારો થયો હતો.

જામનગર જીલ્લામાં એકમાત્ર ઉમીયાસાગર ડેમની સપાટીમાં ૦.૧૩ ફુટનો વધારો હતો. દ્વારકા જીલ્લાના કાબરકા ડેમમાં નવુ ૦.૩૩ ફુટ પાણી ઠલવાયુ હતું. સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ ભોગાવો-૧માં ૬.૯૯ ફુટ, લીંબડી ભોગાવો-૧માં ૮.૯૯ ફુટ, ફુલકુમાં ૧૦.૦૧ ફુટ, ડાંસલમાં ૨.૯૫ ફુટ, સબૂરીમાં ૧૮.૦૪ ફુટ, ત્રિવેણીઠાંગામાં ૧૩.૯૪ ફુટ, લીંબડી ભોગાવો-૨માં ૩.૭૭ ફુટ તથા ધારીમાં ૧૧.૪૮ ફુટનો વધારો હતો.



રાજકોટ સિંચાઈ કચેરી હસ્તક રાજકોટ, મોરબી, જામનગર, દ્વારકા, સુરેન્દ્રનગર, અમરેલી તથા પોરબંદર જીલ્લાના જળાશયો આવતા હોય છે. તેમાંથી ૨૬ ડેમોમાં નવા નીર આવ્યા હતા. ચોમાસાની હજુ તો શરૂઆત છે ત્યાં જ ડેમોમાં જોરદાર આવક થતા આવતા દિવસોમાં છલકાવાની શકયતા રહે છે.

# ગુરૂવારથી ડીઇઓ દ્વારા ૨૫ ખાનગી શાળા સંચાલકોના હિયરીંગ

### પાઠય પુસ્તકો, ગણવેશ, સ્કૂલબેગ, ચોકકસ સ્થળેથી ખરીદ કરવા છાત્રોને ફરજ પડાયાની ફરિયાદ બાદ હવે રૂબરૂ સુનાવણી માટે હાજર થવા શાળા સંચાલકોને ફરમાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિદ્યાર્થીઓને ચોકકસ સ્થળેથી પાઠય પુસ્તકો, દફતર, યુનિફોર્મ ખરીદવાની ફરજ પાડવા સબબ શહેરના ૨૫ જેટલા શાળા સંચાલકોને નોટીસ ફટકારવામાં આવ્યા બાદ આ શાળા સંચાલકોના હિયરીંગ આગામી તા.૧૯ને ગુરૂવારથી ઈન્ચાર્જ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી દિક્ષિત પટેલ દ્વારા હાથ ધરવામાં આવનાર છે.

આ અંગે ઈન્ચાર્જ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી દિક્ષિત પટેલનો સંપર્ક કરાતા તેઓએ જણાવ્યું હતું કે જેઓને નોટીસ આપવામાં આવેલ છે તેઓના હિયરીંગ તા.૧૯ને ગુરૂવારથી ચાર દિવસ યોજાશે જે બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટમાં કેટલીક ખાનગી શાળાઓ વિદ્યાર્થીઓને ચોકકસ સ્થળે જ પાઠય પુસ્તકો, ગણવેશ, સ્કૂલબેગ તેમજ સ્ટેશનરી ચોકકસ સ્થળેથી ખરીદ કરવા માટે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને ફરજ પાડી રહ્યાની ફરિયાદો ઉઠી હતી. આ મામલે વિદ્યાર્થી આગેવાનો દ્વારા પણ જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત કરવામાં આવી હતી.

જે બાદ ઈન્ચાર્જ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી દ્વારા આ ૨૫ જેટલી ખાનગી શાળાઓનો નોટીસ ફટકારી ખુલાસો પૂછ્વામાં આવેલ હતો. જેના હિયરીંગ હવે તા.૧૯ને ગુરૂવારથી ચાર દિવસ ગોઠવવામાં આવેલ છે.

અહીં એ ઉલ્લેખનીય છે આ મામલે ઈન્ચાર્જ શિક્ષણાધિકારી પટેલ દ્વારા રાજકુમાર કોલેજ મહાત્મા ગાંધી સ્કૂલ, ઉડાન સ્કૂલ, વાસુદેવ વિદ્યાલય, વિદ્યા આરાધના, અંબીકા, સર્વોદય, તપોવન, ક્રિષ્ના વિદ્યાલય ખોડાપીપર હાઈસ્કુલ, જ્ઞાનદિપ વિદ્યાલય, વિપુલ વિદ્યાલય, રામકૃષ્ણ વિદ્યાલય, વિનય મંદિર, સહજાનંદ વિદ્યાસંકુલ, સહિતની ૨૫ શાળાઓને નોટીસ ફટકારવામાં આવી હતી.

# ધોરાજીમાં બાળકની હત્યા કરનાર મહિલા આરોપી ૨૫ વર્ષે ઝડપાઈ

**મુખ્ય સમાચાર, ધોરાજી**



ધોરાજીમાં ભાદર કોલોની ઈરીગેશન સોસાયટીમાં બાળકોના ઝઘડાને લઈ વર્ષ ૧૯૯૯ માં આરોપી મહિલાએ એક બાળકની પોતાના ઘરમાં દસ્તા ના ઘા જીકી હત્યા કરી લાંશ કોથળામાં ભરી બહાર ફેંકી દીધેલ . જે ક્રૂર ઘટનામાં તાજેતરમાં ધોરાજી કોર્ટે વીસ વર્ષની સજાવી સુણાવી હતી જો કે આ મહિલા છેલ્લા ૨૫ વર્ષથી નાસતી ફરતી હતી.

વર્ષો થી ભાગેડું જાહેર થયેલ મહિલા અરુણા ને સજા થયા બાદ ઝડપી લેવા ધોરાજીના એએસપી સિમરન ભારદ્વાજ અને સીટી પીઆઈ કે એસ ગરચર દ્વારા ટીમ બનાવવામાં આવેલ ડી. સ્ટાફના પી. કે. શામળા અને સ્ટાફે ટેકનિકલ અને હ્યુમન સોર્સિસ મારફતે આરોપી મહિલાને બરોડા થી ઝડપી લીધી હતી.

૧૯૯૯ ના અરસાથી આ કામના આરોપી અરુણા ઉર્ફે અનિતા નાસ્તા ફરતા હતા. તેમના પતિ રાજેશ દેવમુરારી સુરેન્દ્રનગર સ્થાયી થયા હતા તે છેલ્લા ત્રણ વર્ષથી નિવૃત્ત થયા છે. રાજેશ દેવમોરારી અને અરુણાબેન ના લગ્ન જીવનથી એક દીકરો અને એક દીકરી પણ હતા. માતા તરીકે પણ આ ટ્રાયલમાંથી બચવા માટે પોતાના સગા સંતાનોનો પણ ક્યારેય સંપર્ક કરેલો ન હતો. વડોદરામાં અનિતા બ્યુટી પાર્લર ના નામથી આ આરોપી બ્યુટી પાર્લર ચલાવી રહ્યા હતા.

ધોરાજી પોલીસ ચહેરા નિશાન પત્રક, ને સાથે રાખી અને પ્રથમ મહિલા કોન્સ્ટેબલ બ્યુટી પાર્લરમાં ડમી ગ્રાહક તરીકે ગયા અને ત્યાંથી ખરાઈ કરવામાં આવી કે નાસ્તા ફરતા આરોપી અરુણા ઉર્દૂ અનિતા આજ છે. તેઓ વડોદરામાં અન્ય શખ્સ સાથે લીવ ઈન રિલેશનશિપમાં રહેવા લાગેલ અને આ સંબંધથી પણ તેમને બે દીકરીઓ હતી.

આ તમામ તપાસના અંતે ફરિયાદી ગિરધરભાઈ કોઠીયા તથા આરોપી અરુણા ઉર્ફે અનિતાના પતિ રાજેશ દેવમુરારી એ પણ ખરાઈ કરી આપી કે આ તે જ વ્યક્તિ છે. તને પોલીસે આજીવન કેદની સજા નું વોરંટ ચાલુ હોય આરોપીની ધરપકડ કરી ધોરાજીના મહેરબાન એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અલી હુસેન મોહીબુલા શેખ સમક્ષ આ આરોપીને રજુ કરેલા. અને નામદાર જજ સાહેબે જેલ વોરંટ કરી અને આજીવન કેદની સજા ભોગવવા આરોપીને જેલમાં મોકલી આપેલ.

# શહેરમાં કોરોનાના પોઝિટિવ કેસમાં ઘટાડો, તરૂણી સહિત ૬ લોકો સંક્રમીત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કોરોનાના વળતા પાણી થઈ રહ્યા હોય તેમ દિવસેને દિવસે પોઝિટિવ કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જેની સામે રિકવરી રેટ પર ઉંચો જતાં કોરોનાના દર્દીઓ ઝડપથી સાજા થઈ રહ્યા છે. આજે ૨૪ કલાક રમિયાન એક ૧૪ વર્ષની તરુણી સહિત નવા ૬ પોઝીટીવ દર્દી નોંધાતા આજ સુધીના કેસનો કુલ આંકડો ૧૭૮ એ પહોંચી ગયો છે. અત્યાર સુધીમાં ૧૨૪ દર્દીઓ સાજા થયા છે અને ૫૪ દર્દી સારવાર હેઠળ હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું હતું. શહેરમાં આજે એક તરૂણી સહિત નવા ૬ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં વોર્ડ નં. ૧૧ જીવરાજપાર્ક મહિલા ઉ.વ. ૨૩, વોર્ડ નં. ૨ અવંતી પાર્ક પુરુષ ઉ.વ. ૩૭, વોર્ડ નં. ૧૦ આફ્રિકા કોલોની મહિલા ઉ.વ. ૪૧, વોર્ડ નં. ૫ એલપી પાર્ક તરુણી ઉ.વ. ૧૪, વોર્ડ નં. ૧૦ તિરુપતિ નગર મહિલા ઉ.વ.૭૨ અને વોર્ડ નં. ૧૪ ભક્તિનગર સર્કલ પુરુષ ઉ.વ. ૬૫ સહિત નવા છ કેસ નોંધાયા છે. જે પૈકી વોર્ડ નં. ૫ના દર્દી તરુણી અને વોર્ડ નં. ૧૦ની મહિલા દર્દીએ વેક્સિનના ડોઝ લીધા ન હોવાનું જાણવા મળેલ છે. તેમજ વોર્ડ નં. ૨ અને વોર્ડ નં. ૧૦ ના દર્દીની ટ્રાવેલ્સ હિસ્ટ્રી સુરેન્દ્રનગર અને અમદાવાદ હોવાનું જાણવા મલેલ છે. હાલ તમામ દર્દીઓની સ્થિતિ સ્ટ્રેબલ હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું હતું.

# ધોરાજી નજીક આવેલ ભાદર નદીમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

### બે દિવસથી યુવક ઘરેથી કશું કહ્યા વગર ચાલ્યો ગયો હતો

**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજી નજીક આવેલ ભાદર નદીમાંથી યુવકનું મૃતદેહ મળ્યો હતો. ધોરાજી જામકંડોણા વેગડી ભાદર નદી ૨૬ વર્ષના યુવકનો મૃત્યુ દેહ મળ્યો હતો બે દિવસ થી યુવક એમના ઘરે થી કશું કહ્યા વગર ચાલ્યો ગયો હતો. યુવક ની બાઇક ભાદર નદી પાસે પડેલ હતી જેને આધારે પોલીસ



એ ફાયર વિભાગ ની ટીમ ને જાણ કરી હતી. ધોરાજી નગર પાલિકાના ફાયર વિભાગ દ્વારા યુવાન ની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ભાદર નદીમાંથી નગરપાલિકાના ફાયર વિભાગના સ્ટાફએ યુવકના મૃતદેહને શોધી કાઢ્યો હતો. મૃતકની તપાસ કરતા તૌફીક પીંજારા ઉંમર વર્ષ ૨૬ રહે.બહારપૂરા ધોરાજી હોવાનું ખુલ્યું હતું. હાલ મૃતદેહ ને પીએમ અર્થે ધોરાજી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ક્યા બાબતે આપઘાત કર્યો છે તે બાબતની તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

# મક્કમ ચોકમાં સામુ જોવા પ્રશ્ને એડવોકેટ પર હુમલો

### હુમલાખોર કાર ચાલક સહિતની ત્રિપુટી સામે નોંધાવી ફરીયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ મક્કમ ચોક પાસે સામુ જોવા જેવી નજીવી બાબતે કારચાલક અને તેની સાથે બે અજાણ્યા શખ્સોએ એડવોકેટને બેઝબોલના ધોકા વડે મારમારતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં - ખસેડાયો છે. આ મામલે એ ડિવિઝન - પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેની માહિતી મુજબ ઢેબર રોડ શ્રમજીવી સોસાયટીની પાછળ



ગોપાલનગર શેરી.૧૨માં રહેતા અને - વકીલાતનો વ્યવસાય કરતા ઈન્દ્રજીતસિંહ પૃથ્વીસિંહ મકવાણા(ઉ.વ. ૨૭)એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું હાલ વકીલ - સાથે આસિસ્ટન્ટ તરીકે કામ કરૂ - છું.તા.૧૬/૦૬ના રોજ સવારના અગિયારેક વાગ્યે હું મારા ઘરેથી કોર્ટે જવા - માટે મારૂ જ્યુપીટર લઈને નીકળેલ હતો અને ત્યારે મક્કમ ચોકથી આગળ સત્યવિજય આઈસ્કીમ ધર્મશાળા પાસે પહોંચતા એક ઈનોવા કાર કે જે મારી આગળ ઉભી રાખેલ અને તેમાથી એક અજાણ્યો માણસ ઉતરેલ અને મારી પાસે આવી મને કહેવા લાગેલ કે તુ મારી સામે કેમ જુએ છે. જેથી મે આ અજાણ્યા માણસને કહેલ કે સામુ જોવામાં તમને કાંઈ વાંધો છે. તેમ કહેતા આ અજાણ્યો માણસ મને જેમફાવે તેમ ગાળો આપવા લાગેલ

અને ત્યાર બાદ આ અજાણ્યા માણસ તેની ઈનોવા ગાડીની ડેકીમાંથી બેઝબોલનો ધોકો લઈને મારી પાસે આવેલ અને માથાના ભાગે જેમ ફાવે તેમ મારવા લાગેલ અને થોડીવાર બાદ બીજા બે અજાણ્યા માણ સો પણ તેની સાથે આવેલ અને મને જેમફાવે તેમ ગાળો આપવા લાગેલ અને મને આ સામાવાળા માર મારતા હોય ત્યાં માણસો ભેગા થઈ જતા આ સામાવાળાઓ ત્રણેય જણાઓ માંથી બે જણાઓ ત્યાંથી ભાગી ગયેલ અને ઈનોવા કારનો ચાલક જતા જતા ત્યાં એક મોટર સાઈકલ ઉભુ હતુ. તેને ભટાકાડીને ત્યાંથી તેની ઈનોવા લઇને ભાગી ગયેલ હતો. ત્યારબાદ સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવતા સીટી સ્કેન તથા એક્ષ-રે રીપોર્ટ કરાવતા મને માથાના ભાગે દસેક જેટલા ટાંકાઓ આવેલ છે. અને મને શરીરે અલગ અલગ જગ્યા એ સામાન્ય મુંઢ ઈજા થયાનું જાણવા મળ્યું હતું.આ અંગે એ ડિવિઝન પોલીસે ફરિયાદના આધારે આરોપીની શોધખોળ શરૂ કરી છે.

# ગોંડલમાં વારંવાર વીજકાપથી લોકો પરેશાનઃ પીજીવીસીએલ કચેરીએ રામધૂન બોલાવી

### વીજ પુરવઠો નિયમિત નહીં થાય તો તાળાબંધી સહિતના આંદોલનાત્મક કાર્યક્રમો આપવાની ચીમકી

**મુખ્ય સમાચાર, ગોંડલ**



ગોંડલ માં છેલ્લા દોઢ બે માસ થી વિવિધ વિસ્તારોમાં દિવસ નાં અનેકવાર વિજળી ગુલ થતી હોય લોકો ત્રાહીમામ પોકારી ઉઠયાછે.અસહ્ય બફારા વચ્ચે લાઇટ વગર અકળાયેલા લોકોનાં ટોળા વિજ કચેરીએ દોડી જઇ ઉગ્ર રજૂઆત કરી રહ્યાની ઘટના રોજીંદી બનીછે.ત્યારે ગત રાતે વારંવાર લાઈટ ચાલી જતી હોય પરેશાન બનેલા ગુંદાળા ચોકડી,ક્રિષ્ના સોસાયટી, ભગવતી તીર્થ પાર્ક,વસંત વાટીકા, અક્ષર વાટીકા, ગોકુલધામ સહિત વિસ્તાર માં રહીશો પીજીવીસીએલ કચેરીએ ધસી ગયા હતા.આ સમયે કોઈ જવાબદાર અધિકારીઓ કે કર્મચારીઓ હાજર ના હોય રહીશોએ કચેરીએ બેસી રામધુન બોલાવી રોષ વ્યક્ત કર્યો હતો. ભગવતી તીર્થ પાર્ક નાં રહીશ મહેશભાઈ સાવલીયાએ રોષભેર કહ્યુકે અમારા વિસ્તાર માં દોઢ મહીનાથી અવારનવાર લાઇટ ચાલી જાય છે. જો ફોન કરીએ તો કોઈ ફોન ઉપાડતુ નથી.લાઇટ વગર અસહ્ય બફારા માં રહેવું મુશ્કેલ બન્યુ છે.વિજ તંત્ર કોઈ જવાબ આપવાને બદલે મનમાની ચલાવી રહ્યુ છે. અક્ષર સોસાયટી માં રહેતા રાજેશભાઈ ભાલોડી એ ફરિયાદ કરી કે છેલ્લા દોઢ બે મહીનાથી દિવસ કે રાત્રીનાં કલાકો સુધી લાઇટ ચાલી જાયછે.તો ક્યારેક લો વોલ્ટેજ પાવર હોય છે. જેમાં પંખા પણ ધીમી ગતિથી ફરતા હોય તિવ્ર બફારા માં લોકો ત્રાહીમામ બન્યા છે.જો આ મુદ્દે યોગ્ય નહીં થાય તો મહીલાઓ તથા બાળકો સાથે પીજીવીસીએલ કચેરીએ ધામા નાખી આંદોલન કરાશે. ઉલ્લેખનીય કે થોડા દિવસો પુર્વે નાગડકા રોડ નાં ખેડુતો વારંવાર નાં વિજ કાપ થી ત્રાસી જઇ વિજ કચેરીએ દોડી જઈ ફરિયાદ કરી હતી.આ સમયે અગ્રણી મનસુખભાઈ સખીયાએ બે દિવસ માં વિજ પુરવઠો પુર્વવત નહી થાય તો તાળાબંધી સહિત આંદોલન ની ચીમકી આપી હતી. બીજી બાજુ કોંગ્રેસ નાં યતિષભાઈ દેસાઈ એ પણ પીજીવીસીએલ ની લોલમલોલ નીતિ સામે આંદોલન ની ચીમકી છે. પણ પીજીવીસીએલ તંત્ર નિંભર બન્યુ હોય તેમ આગેવાનોની રજૂઆતો કે ચીમકી ને ઘોળીને પી જતુ હોય તેમ વારંવાર વિજ કાપ ની પરિસ્થિત યથાવત રહેવા પામી હોય કોઈ સુધારો થયો નથી. ત્યારે લાગેછે કે પીજીવીસીએલ તંત્ર કોઈ મોટા લોકઆંદોલન ની રાહ જોઇ રહ્યુ

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# વિજય પ્લોટ નજીક હોટલમાં કુટણખાનું ઝડપાયાની ચર્ચા

**સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી અન્ય બ્રાંચે રેડ કરી હોવાની વાતઃ સાત યુવતીઓને અટકાયતમાં લીધીઃ એક સગીરા બાંગ્લાદેશની હોવાનું અને રાજકોટનો દલાલ તેની પાસે દેહવ્યાપાર કરાવતો હોવાની આશંકાઃ પોલીસે ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી હોવાના મળતા સમાચાર**



## પોલીસે સગીરાની માતાને વીડિયો કોલ કરી ડોકયુમેન્ટ મંગાવ્યાને ભાંડો ફુટયો

ગત રાત્રીના શહેર પોલીસની મહત્વની બ્રાંચ દ્વારા ઠેકઠેકાણે હોટલોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં ગોંડલ રોડ પર વિજય પ્લોટ નજીક આવેલી એક હોટલમાં સાત જેટલી લલનાઓ પકડાઇ હતી. પોલીસની ટીમ દ્વારા તેઓની પુછપરછ કરવામાં આવતા પોતે પરપ્રાંતિય હોવાનું જણાવ્યું હતું. જેમાં એક યુવતી સગીર વયની હોવાનું તથા અન્ય એક મહિલા બાંગ્લાદેશી હોવાની પોલીસને શંકા જતા પોલીસે આ સગીરાને મહિલાને તેની માતા અને પરિવારજનો સાથે વીડિયો કોલિંગથી વાત કરી તેના ડોકયુમેન્ટ મંગાવ્યા હતા જેમાં ભાંડો ફુટયો હતો કે સગીરા ૧૭ વર્ષની હોવાનું અને મહિલા સહિત બન્ને બાંગ્લાદેશી હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે તેને અહિયા હોટલમાં રૂમ અપાવનાર વ્યકિતની શોધખોળ શરૂ કરી છે.

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના સામાકાંઠે ભાવનગર રોડ રેડ લાઇટ એરીયા તરીકે દેશ-વિદેશમાં સોશિયલ મીડિયાના મારફતે ખુબ જાણીતો બન્યો છે. પરંતુ કેટલાક દલાલો મારફતે શહેરની અનેક હોટલો કે સ્થાનિક વિસ્તારોમાં કુટણખાના ચલાવતા હોય તેવા ભુતકાળમાં બનાવો પ્રકાશમાં આવ્યા છે. હાલ શહેરભરમાં ચર્ચા વહેતી થઇ છે કે, ગોંડલ રોડ વિજય પ્લોટ નજીકમાં આવેલી એક હોટલમાં કેટલીક લલનાઓ પાસે દેહ વ્યાપારનું રેકેટ ઝડપાયું હોય અને તેમાંની એક સગીરા બાંગ્લાદેશની હોવાનું ચર્ચામાં આવતા ભારે ઓહાપોહ મચી જવા પામ્યો છે.

કાશ્મીરમાં થયેલા આંતકવાદી હુમલા બાદ દેશમાં અને ગુજરાતમાં ગેરકાયદે રહેતા અન્ય દેશના નાગરીકોને ખદેડવાનું તંત્ર દ્વારા શરૂ કરવામાં આવ્યું હોય ત્યારે અમદાવાદમાં બાંગ્લાદેશીઓ દ્વારા બનાવવામાં આવેલી ઝુંપડપટ્ટીપર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હોય અને ગેરકાયદે ગુજરાતમાં વસવાટ કરતા બાંગ્લાદેશીઓને તેના વતન રવાના કરવામાં આવ્યા હોય આ સાથે રાજકોટમાં અને જીલ્લામાં પણ અનેક શહેર અને ગામોમાં બાંગ્લાદેશીઓ વસવાટ કરવા હોય ત્યારે પોલીસે સતત ચેકિંગ હાથ ધરી આવા લોકોની શોધખોળ શરૂ કરી હતી.

રાજકોટની કેટલીક હોટલુમાં બાંગ્લાદેશી યુવતીઓ કે પરપ્રાંતિય યુવતી પાસે રાજકોટના દલાલો મારફતે દેહવ્યાપારનું રેકેટ ચાલતું હોય તેવી એક અરજી શહેર પોલીસની મહત્વની બ્રાંચમાં એક શખ્સે કરી હોય અને જેમાં ૩૦થી વધુ દલાલોના નામ સાથેની થયેલી અરજીની પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.

શહેરમાં ચર્ચાતા સમાચાર મુજબ ગઇકાલે ગોંડલ રોડ પર આવેલા રજપૂત પરા વિસ્તારની એક નામાંકિત હોટલમાં શહેરની મહત્વની બ્રાંચની ટીમે દરોડો પાડી ચેકિંગ હાથ ધરતા હોટલમાં સાતથી વધુ શંકાસ્પદ પરપ્રાંતિય યુવતીઓ મળી આવી હતી અને આ યુવતી પૈકિની એક સગીર વયની બાંગ્લાદેશની સગીરા હોવાનું પણ ચર્ચાઇ રહ્યું છે. આ તમામ યુવતીઓ પાસે રાજકોટના અલગ-અલગ દલાલો દ્વારા હોટલમાં રૂમ ભાડે રાખી તેની પાસે દેહવ્યાપાર કરાવતા હોવાની પણ ચર્ચા શરૂ થઇ છે. હાલ તો પોલીસે કરેલી રેડ દરમ્યાન આ તમામ યુવતીઓ મળી આવી હોય તમામની પુછપરછ શરૂ કરવામાં આવી છે અને તેઓની પાસેથી મળેલા આઇડી પ્રુફ અન્ય ડોકયુમેન્ટનું વેરીફિકેશન કરવામાં આવી રહ્યું છે. તથા યુવતીઓ પાસેથી મળેલા મોબાઇલમાં કેટલાક લોકોના ફોન આવ્યા હોય કે ફોન કોલ કર્યા હોય તે અંગેની ડિટેઇલ પોલીસ તપાસી રહી છે.

ગોંડલ રોડની નામાંકિત હોટલમાં ગત રાત્રીના મહત્વની બ્રાંચે કરેલી રેડના સમાચાર લીક થઇ જતા શહેરમાં હોટલનો વ્યવસાય કરતા અને દેહવ્યાપાર સાથે સંકળાયેલા લોકોમાં ભારે હડકંપ મચી જવા પામ્યો છે.

### ઉચ્ચ અધિકારીઓને ભલામણના ફોન રણકયાઃ બાંગ્લાદેશી સગીરાને હોટલમાં રાખનાર શખ્સને જવા દિધાની ચર્ચા

વિજય પ્લોટ પાસે આવેલ હોટલમાં સેકસ રેકેટ ચાલતું હોવાની બાતમીના આધારે મહત્વની બ્રાંચે દરોડો પાડયો હતો. જેમાં હોટલના રૂમમાંથી પાંચ પરપ્રાંતિય બે બાંગ્લાદેશી જેમાં એક સગીર વયની યુવતી અને એક ૩૫ વર્ષીય મહિલા સહિત સાત લલનાઓને પોલીસે અટકાયતમાં લીધી હતી.

હોટલમાં રેડ પડી હોવાના સમાચાર વાયુ વેગે ફેલાઇ જતા ભારે હડકંપ મચી ગયો હતો. આ ઘટના દરમ્યાન બાંગ્લાદેશી સગીરાને હોટલમાં રાખનાર વ્યકિતને કહેવાય છે કે, પોલીસ મથકે બોલાવવામાં આવ્યો હતો અને પોલીસ સ્ટેશન ખાતે બેસાડી દેવામાં આવ્યો હતો પરંતુ આ ઘટના બાદ લાગતા વળગતાને જાણ થતા તેઓએ ઉચ્ચ અધિકારીઓને ભલામણના ફોન રણકવાનું શરૂ કરી દેવામાં આવ્યું હોય તેવું જાણવા મળી રહ્યું છે અને કહેવાય છે કે, આ વ્યકિતને ઉચ્ચ અધિકારીની ભલામણના કારણે પોલીસે જવા દિધો હોય તેવી ચર્ચાએ જોર પકડયું છે.

# ગોંડલ નજીક ૯૨ લાખનો દારૂ-બિયરનો જથ્થો ભરેલ ટ્રક સાથે ચાલકની ધરપકડ

**ગ્રામ્ય એલસીબીની ટીમે બાતમીના આધારે રેડ કરીઃ ટ્રક સહિત રૂ.૧ કરોડનો મુદ્દામાલ કબ્જેઃ જસદણમાં ૧.૬૧ લાખના દારૂ સાથે બુટલેગર ઝડપાયો**





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને જીલ્લામાં સાત-આઠમના તહેવારો નજીક આવી રહ્યા હોય અને તંત્ર દ્વારા લોક મેળાની તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી હોય ત્યારે સાતમ-આઠમના તહેવારોમાં ભરપેટ કમાઇ લેવાની લ્હાયમાં બુટલેગરો પણ સક્રિય બની દારૂનો જથ્થો મગાવવાનું શરૂ કરી દીધુ હોય તેવી બાતમીના આધારે પોલીસ પણ સતર્ક બની સતત પેટ્રોલિંગ વધારી દીધુ હોય ત્યારે ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગ્રામ્ય એલસીબીની ટીમે રૂ.૯૨ લાખનો દારૂ-બિયરનો જથ્થો ભરેલ ટ્રક સાથે રાજસ્થાની શખ્સની ધરપકડ કરી કુલ રૂ.૧ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ.સી.ગોહિલ તથા કોન્સ. ભાવેશભાઇ મકવાણા સહિતનો સ્ટાફ ગોંડલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ભાવેશભાઇ મકવાણાને ચોક્કસ બાતમી મળી હતી કે, એક ઇશમ વિદેશી દારૂના મોટા જથ્થા ભરેલ ટ્રક સાથે ગોંડલ તરફ આવી રહ્યો હોવાની હકિકતના આધારે પોલીસે વોંચ ગોઠવી હતી તે દરમ્યાન ટ્રક નં.એચઆરપપ૨૦ માં એક શખ્સ શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે ટ્રકનો પીછો કરી અટકાવી ચાલકનું નામઠામ પુછતા પોતે રાજસ્થાનના સાચોડ જીલ્લાના લાછીયાવાડ કા ગોલીયા સુરવા પંચાયત ગામનો સુરેશ માનારામ ખીલેરી હોવાનું જણાવ્યું હતું. પોલીસે ટ્રકની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની નાની મોટી કુલ ૧૫૮૧૬ બોટલ કિંમત રૂ.૮૯ લાખ તથા બિયરના ટીન નંગ ૧૯૯૨ કિંમત રૂ.૩.૫૮ લાખનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટ્રક અને મોબાઇલ સહિત કુલ રૂ. ૧ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી ઝડપાયેલા ટ્રક ચાલક સુરેશ ખીલેરીની આકરી પુછપરછ કરતા વિદેશી દારૂનો જથ્થો રાજસ્થાનના ડુંગરપુરનો વિષ્ણુ ડાભી અને પંજાબના એક બુટલેગરે મોકલાવ્યો હોવાનું તથા દારૂનો જથ્થો રાજકોટ જીલ્લાના એક બુટલેગરે મંગાવ્યો હોવાનું ખુલવા પામ્યું હતું.

જયારે અન્ય એક બનાવમાં ગ્રામ્ય એલસીબીના એએસઆઇ બાલકૃષ્ણભાઇ, અમિતભાઇ, અમિતસિંહ, હેડ કોન્સ. વાઘાભાઇ સહિતના સ્ટાફે બાતમીના આધારે જસદણમાં આવેલ ગંગાભુવન સોસાયટીમાં રહેતો જયદિપ રાજુ ગીડા નામના બુટલેગરના રહેણાંક મકાનમાં દરોડો પાડતા વિદેશી દારૂની ૧૨૦ બોટલ કિંમત રૂ.૧.૬૧ લાખનો જથ્થો મળી આવતા પોલીસે જયદિપ ગીડાની ધરપકડ કરી નાસી ગયેલો તનવીર ઉર્ફે તન્નો મહમ્મદ મીઠાણી નામના એક અન્ય એક બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

# મુંજકા ગામમાં 'તમારી બેકરીની વસ્તુઓથી શ્વાસ લેવામાં તકલીફ પડે છે' કહેતા યુવક પર હુમલો

**બેકરીમાં વસ્તુઓ બનતી હોય દૂર્ગંધથી પરેશાન પાડોશી સોફ્ટવેર ધંધાર્થીએ ફરિયાદ કરી તો ઉલટાનો માર માર્યોઃ હાથ ભાંગી ગયો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યુનિવર્સિટી પાસે મુંજકા ગામ નજીક રહેતા અને સોફ્ટવેર બનાવવાનો વ્યવસાય કરતાં ધવલ નવીનચંદ્ર ચૌહાણ (ઉ.વ.30) નામના યુવકને નજીકમાં રહેલી બેકરીમાં બનતી વસ્તુઓની વાસથી પરિવારજનોને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાની ફરિયાદ કરતા બેકરી માલિક પ્રકાશ ડાંગરે માર મારતા જમણા હાથમાં ફ્રેક્ચર થયાના આરોપસર પ્રકાશ સામે યુનિવર્સિટી પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

ફરિયાદની વિગતો મુજબ ધવલ તેના માતા, ભાઈ, ભાભી તથા પત્ની સાથે રહે છે. ઘર નજીક સ્વીટ ડિલાઈટ નામની બેકરી પ્રકાશ ડાંગર પાંચ વર્ષથી ચલાવે છે. ધવલ તેના વીજ મીટરના ફોટા પીજીવીસીએલ કચેરીએ આપવાના હતા જેથી મીટરના ફોટા લેવા સીડી પરથી ઉતરીને મીટર પાસે ગયા હતો. ધવલ મીટરના ફોટો લઈને પીજીવીસીએલમાં મોકલતો હતો જેથી પ્રકાશે આવી અહિંયા શું કરે છે ? કહી ગાળો આપવા લાગ્યો હતો. ધવલે ગાળો આપવાની ના કહેતા પ્રકાશે ઉશ્કેરાઈને હુમલો કર્યો હતો. માર મારતા નીચે પછાડી દેતા જમણા હાથની કોણીના ભાગે ફ્રેક્ચર થતાં ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન કરાયું હતું. આરોપી છેલ્લા પાંચ વર્ષથી બેકરી ચલાવે છે જેથી આજુબાજુમાં રહેણાંક વિસ્તારમાં બેકરીમાં બનતી વસ્તુઓના કારણે શ્વાસ લેવામાં લોકોને તકલીફ પડતી હતી જેનો વિરોધ હતો અને હવે પ્રકાશે ફરિયાદી ધવલના ઘર સામે જ ખુલ્લા પ્લોટમાં રેસિડેન્સિયલ એરિયામાં બેકરી બનાવવા પાયા છાપવાનું ચાલુ કરતા ના પાડી હતી જેનો ખાર રાખી આરોપીએ હુમલો કર્યો હોવાનો ફરિયાદમાં આરોપ મુકાયો છે.

## સમાચાર સંક્ષીપતમાં

### હત્યાની કોશીસ અને મારામારીના ગંભીર ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકેલો શખ્સ પાસામાં ધકેલાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધાર મફતીયાપરામાં દશામાંના મંદિર પાસે રહેતો અને શહેર પોલીસના ચોપડે હત્યાની કોશીસ સહિત મારામારીના ગંભીર ગુન્હામાં ચડી ચુકેલો ભવદિપ ઉર્ફે યશ ઉર્ફે હાંડો પરેશ ડાભી નામના નામચીન શખ્સને ગાંધીગ્રામ-૨ યુની. પોલીસના પીઆઇ એચ.એન.પટેલની સુચનાથી પીએસઆઇ વી.જી.ડોડિયા સહિતના સ્ટાફે અટકાયતમાં લઇ તેના પાસાના કાગળો તૈયાર કરી વડી કચેરીએ મોકલાવવામાં આવતા અને તેના પર શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ મહોર લગાવી દેતા તેનું પાસાનું વોરંટ બજવણી કરી આ ભવદિપ ઉર્ફે યશ ડાભીને અમદાવાદ જેલમાં પાસામાં ધકેલી દેવામાં આવ્યો છે.

### પિતા પાસેથી ૨૦૦૦ રૂપિયા લઇ ઓરિસ્સા જવા નીકળેલો યુવક ગૂમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરના નિર્મલા રોડ નજીક આવેલા બાલમુકુંદ પ્લોટ-૪૪માં રહેતા ઓરિસ્સાના વતની પરપ્રાંતિય પરિવારનો ૧૮ વર્ષિય પુત્ર સુમિત મોતીલાલ વતન જવા રાજકોટથી નીકળ્યા બાદ છેલ્લા છ દિવસથી લાપત્તા બન્યો છે. પુત્ર ગૂમ થયા અંગે પિતા મોતીલાલે કરેલી જાહેરાતમાં વતનથી ચાર માસ પૂર્વે પુત્ર રાજકોટ આવ્યો હતો. અહીં મન લાગતું ન હોવાથી ગત તા.૧૧ના રોજ પિતા પાસેથી ૨૦૦૦ રૂપિયા લઈને સુમિત વતન ઓરિસ્સા જવા હાવડા એક્સપ્રેસ ટ્રેનમાં જવા નીકળ્યો હતો. બે દિવસ બાદ વતન પહોંચી જવાનો હતો. તેની પાસે ફોન ન હોવાથી વતન કાલાહોડીના બિનીકેલા ગામે ફોન કરીને પૂછતા સુમિત પહોંચ્યો ન હતો. છ દિવસ સુધી કોઈ પત્તો ન લાગતા કે સમાચાર ન મળતા પિતાએ પુત્ર ગૂમ થયાનું જાહેર કર્યું છે.

### જસદણમાં મહિલાઓની જુગાર મહેફિલ પર પોલીસનો દરોડો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણમાં ગજાનંદ એપાર્ટમેન્ટ બ્લોક નં.એફ-૩૦૩મકાં રહેતા સરોજ કાંતિભાઈ નાદપરાને ત્યાં જુગારની મહેફિલ જામી હોવાની જસદણ પોલીસને માહિતી મળી હતી જે આધારે દરોડો પાડતા સરોજને ત્યાં જુગાર રમવા આવેલી છ મહિલા તથા જેતપુરના પ્રેમગઢના ઘનશ્યામ ભીખાભાઈ સોળિયા (ઉ.વ.૫૨) મળી આઠને ૧૨,૧૨૦ની રોકડ સાથે પકડી પાડ્યા હતા. દરોડામાં પત્તા રમતી જસદણના અર્જુન પાર્કમાં રહેતી હેમાલી ભાવેશભાઈ સોલંકી (ઉ.વ.૪૦), પોલારપર રોડ પર રહેતી શિતલ લક્ષ્મણભાઈ મકવાણા (ઉ.વ.૪૦), ગંગા ભૂવનમાં રહેતી સોનલબેન હકાભાઈ ખારા (ઉ.વ.૪૦), ખોડિયાર મંદિરવાળી શેરીમાં રહેતી ઉર્મિલાબેન પ્રવિણભાઈ ગોંડલિયા (ઉ.વ.૪૫), ગજાનંદ સોસાયટી પાસે રહેતી ચંદ્રાબેન પ્રતાપભાઈ ખાચર તથા ઘનશ્યામ સોળિયાના પત્ની રેખાબેન (ઉ.વ.૪૫)ની સામે પીઆઈ કે.જે. સથવારા તથા ટીમે જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

# સોશિયલ મીડિયા મારફતે શેરબજારમાં વધુ નફો કમાવાની જાહેરાત ગણેશનગરના વેપારીને ૧૬ લાખમાં પડી

**પ્લે સ્ટોરમાંથી એપ્લિકેશન ડાઉનલોડ કરી ૧૬ લાખનું રોકાણ કરતાં ૪૧ લાખ થયા; વિથડ્રો કરવા વધુ રકમ જમા કરવાનું કહેતા જ શંકા ગઈ ને ફરિયાદ નોંધાવી**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં આવી જ એક વધુ ઓનલાઈન છેતરપિંડી થઈ છે વેપારીએ સોશિયલ મીડિયામાં શેર બજારની વધુ નફો ની જાહેરાત જોઈને એક એપ્લિકેશન ડાઉનલોડ કરી જેમાં ૧૬ લાખનું રોકાણ કર્યા બાદ આ રકમ ડબલ એટલે કે ૪૧ લાખ થઈ ગઈ હોવા છતાં પણ વિથ ડ્રો કરવા વધુ રકમની માગ કરતાં વેપારીને શંકા ગઈ અને સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

મોરબી રોડ ગણેશ નગરમાં રહેતા અને વેપાર કરતા રણજીતભાઈ રૂડાભાઈ સોલંકીએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તારીખ ૨૩/૪/૨૫ ના તેઓ પોતાનું ઈન્સ્ટાગ્રામ જોઈ રહ્યા હતા ત્યારે શેરબજારમાં રોકાણ કરી સારું રિટર્ન મેળવું તેવી એક જાહેરાત આવેલ જેના પર ક્લિક કરતા જ થોડીક વારમાં શાહરોન ત્રિવેદી નામના એક વ્યક્તિનો ફોન આવેલો હતો. આ વયક્તિએ રણજીતભાઈને શેરબજાર વિશે સમજાવી પોતાના વિશ્વાસમાં લીધા બાદ એક લિક મોકલેલ જેના દ્વારા પ્લે સ્ટોરમાંથી ફયર પ્લસ નામની એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી.

બાદ રણજીતભાઈ એપ્લિકેશનમાં પોતાનું પાનકાર્ડ ડીટેલ સહિતની વિગતો નાખ્યા બાદ સાયબર માફિયાઓએ મોદી રબર નામનો એક સ્ટોક લેવા માટે જણાવ્યું હતું જેથી રણજીતભાઈ રૂપિયા ચાર લાખનું આ સ્ટોકમાં રોકાણ કરેલું હતું. જે બાદ જેમ આ સાયબર ગઠિયા કહેતા જાય તેમ રણજીતભાઈ સ્ટોકમાં રોકાણ કરતાં જતાં કુલ ૧૬.૬૭ લાખનું રોકાણ કર્યું હતું. ?

આ રોકાણના વળતરમાં રણજીતભાઈ ૪૧ લાખનો નફો કર્યો હોવાનું એલ્પીકેશનમાં બતાવતું હતું. આ રકમ વિથ ડ્રો કરવા જતાં સાયબર માફિયાઓએ બેંક સેટલમેન્ટના નામે વધુ ૪ લાખ જમા કરવાનું કહેતા જ રણજીતભાઈને શંકા ગઈ હતી અને તેઓએ તુરંત સાયબર હેલ્પ લાઈન નંબર ૧૯૩૦નો સંપર્ક કર્યો હતો. જેના આધારે પોલીસે ગુન્હો નોધી આ સાયબર માફિયા સુધી પહોંચવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# રાયોટીન અને સરકારી કર્મચારીની ફરજમાં રૂકાવત કરવાના ગુન્હામાં નાસતા ફરતા ત્રણ આરોપી ઝડપાયા

**ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે બાતમીના આધારે માધાપર ચોકડી પાસેથી દબોચી લીધા**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

બે વર્ષ પહેલા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ રાયોટીન અને સરકારી કર્મચારીની ફરજ રૂકાવટના બે ગુન્હામાં નાસતા ફરતા ત્રણ આરોપીને માધાપર ચોકડી પાસેથી ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલાની સુચનાથી એએસઆઇ જયંતિભાઇ, રાજેશભાઇ, હેડ કોન્સ. રાહુલભાઇ, હેમેન્દ્રભાઇ, શકિતસિંહ સહિતનો સ્ટાફ જામનગર રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે અગાઉ બે વર્ષ પહેલા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ રાયોટીન અને સરકારી કર્મચારીની ફરજ રૂકાવટના બે ગુન્હામાં નાસતો ફરતો દિનેશ ઉર્ફે વિનુ, બાબુ ઉર્ફે બાધુ જખાણીયા (રહે. મેરાણા ગામ જામનગર) તથા લાભુ કરમસિંહ વાજેલીયા (રહે. ધ્રોલ) તથા વિનુ બાધુ સાડમીયા (રહે. ગુલાબનગર જામનગર) નામના ત્રણેય આરોપીઓ માધાપર ચોકડી પાસે હોવાની હકિકતના આધારે પોલીસે ત્રણેય શખ્સોને દબોચી લઇ ગાંધીગ્રામ પોલીસના હવાલે કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રૈયાધારમાં માતા સાથે જતી બાળકીને વીજ પોલમાં શોક લાગતા કરૂણ મૃત્યુ

**બહેનના ઘરે જતા રસ્તામાં દિકરીને કાળ ભેટયોઃ તંત્ર સામે સવાલ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધારમાં માતા સાથે ચાલીને જતી ચાર વર્ષની બાળકીને વિજયાંભલાથી જોરદાર કરંટ લાગતાં તેનું મોત નિપજતાં પરિવારમાં અને વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. જાણવા મળ્યા મુજબ, રૈયાધાર મચ્છુનગર સામે મફતીયાપરામાં રહેતી કિંજલ ભૂપતભાઈ ધંધાણીયા (ઉ.વ.૪) સાંજે સાડા પાંચેક વાગ્યે પોતાની માતા કંચનબેનની સાથે નજીકમાં જ રહેતાં માસી ગોરીબેનના ઘરે ગઇ હતી. ત્યાંથી મા-દિકરી પરત પોતાના ઘરે જવા નીકળ્યા ત્યારે વરસાદ ચાલુ હતો. બંને ઘર નજીક પહોંચ્યા ત્યારે વિજયાંભલાના તાણીયા પાસેથી નીકળતી વખતે કિંજલ તાણીયાને અડી જતાં તેમાંથી જોરદાર કરંટ લાગતાં ફેંકાઇ ગઇ હતી અને બેભાન થઇ ગઈ હતી.



બનાવને પગલે દેકારો મચી જતાં લોકો ભેગા થઈ ગયા હતાં. કિંજલના પરિવારજનો પણ દોડી આવ્યા હતાં. તેણીને તુરત જ બેભાન હાલતમાં ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં ખસેડાઇ હતી. પરંતુ સારવાર દરમિયાન તેણીનું મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. એ-ડિવીઝનના પીએસઓ વિજયભાઈ નકુમે જાણ કરતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના એસઆઈ હિતેષઈ જોરૂભા જોગડાએ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. મૃત્યુ પામનાર કિંજલ એક ભાઈથી નાની હતી. તેના માતાપિતા છુટક મજૂરી અને બકાલુ વેંચી ગુજરાન ચલાવે છે. લાડકવાયી દિકરીના મોતથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. આસપાસના રહેવાસીઓમાં પણ શોક છ્વાઈ ગયો હતો.

# રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીની બદલી નવા કલેકટર તરીકે ઓમપ્રકાશની નિમણૂક

**પ્રભવ જોશી ગુજરાત ટુરિઝમના એમડી તરીકે મુકાયાઃ જૂનાગઢ મ્યુનિસિપલ કમિશનર ઓમપ્રકાશ રાજકોટ મુકાયા**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે ૧૩ સનદી અધિકારીઓની બદલી કરવા હુકમ કર્યાસ્સ છે જે અન્વયે રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીની ગાંધીનગર બદલી કરવામાં આવી છે. રાજકોટ કલેકટર તરીકે જૂનાગઢ મ્યુનિસિપલ કમિશનર ઓમપ્રકાશ મુકાયા છે.





ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગે મંગળવારે મોડી સાંજે ૧૩ સનદી અધિકારીઓની બદલી કરવા હુકમ કર્યા હતા જેમાં રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીની ગાંધીનગર ગુજરાત ટુરિઝમના એમડી તરીકે બદલી કરી તેમના સ્થાને જૂનાગઢ મ્યુનિસિપલ કમિશનર ઓમપ્રકાશને રાજકોટ જિલ્લા કલેકટર તરીકે મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત શહેરી વિકાસ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી અશ્વનીકુમાર, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના રમેશચંદ મીના, રમત ગમત અને સાંસ્કૃતિક વિભાગના એન.થેનારાશન, મિલિદ તોરવણે, આરતી કુંવર, જેનું દેવન, યુજીવીસીએલના એમડી તેજસ પરમાર, પંચમહાલ કલેકટર આપીશકુમાર, સુથાર રાજ રમેશચંદ્ર, અંકિત પશુ અને પાટીલ આનંદ અશોકની બદલી કરવા હુકમ કરાયો હતો.